**સુવિચાર**
સંસ્કારીઓ ભેગા થાય તો સંવાદ કરે,
સંસારીઓ ભેગા થાય તો વિવાદ કરે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૨/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ મહા સુદ-૪ વર્ષ : ૧૫ અંક : ૦૫૩

## ધરાઈ ગામે વૃધ્ધાનાં આંદોલનને સમર્થન આપનાર

# ધરાઈનાં સરપંચ ઉપર હુમલો કરનાર આરોપીને ઝડપી લો

**ધરાઈનાં વૃધ્ધાને ન્યાય મળે તે માટે સહયોગ કરનાર સરપંચ અને તેના પતિ ઉપર આરોપીઓએ કાર ચડાવી દેવાનો પ્રયાસ કર્યાનો આક્ષેપ**

**આરોપીઓ ખુલ્લી હવામાં ફરતાં હોવાથી સરપંચ અને તેના પતિ ઉપર કાર ચડાવી દેવાયાનો પ્રયાસ થતાં રોષની આંધી**

**ભાજપ અગ્રણી ગોપાલ વસ્તરપરાની આગેવાનીમાં ગામજનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું**

**આરોપીઓને યુધ્ધનાં ધોરણે ઝડપી લેવામાં ન આવે તો ગૃહ વિભાગને રજૂઆત કરવાની ચીમકી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૨

બાબરાનાં ધરાઈ ગામની ધાર્મિકજગ્યાનાં ટ્રસ્ટીઓએ ૮૫ વર્ષિય વૃધ્ધાનું રહેણાંક મકાન તોડી પાડનાર આરોપીઓએ વૃધ્ધાને મદદ કરનાર ગામનાં સરપંચ અને તેના પતિ ઉપર કાર ચડાવી દેવાનો પ્રયાસ કરતાં ભાજપ અગ્રણી ગોપાલ વસ્તરપરાની આગેવાનીમાં ગામજનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, આજથી આશરે આઠ માસ પહેલા ધારાઈ ગામે આવેલ પ્રખ્યાત બાલમુકુંદજીની હવેલીમાં આવેલ પાંચ મકાન ગેરકાયદેસર રીતે આ મંદિરના અમુક ટ્રસ્ટીઓએ અંગત લાભ માટે પાડી નાખેલ આ મકાનો પૈકી એક મકાન નયનાબેન કાંતિલાલ જોશીનું હતું. હાલ આ નયનાબેન જોષી હાલ વયોવૃધ્ધ અને વિધવા નિઃસહાય જીવન વિતાવતા હોય અને નયનાબેન જોષીનું મકાન પાડી તેમાં

અનુસંધાન પાના ૬ ઉપર

## ખોટી રીતે પરેશાન કરવામાં આવતાં હોવાનું જણાવ્યું

# ધરાઈનાં ધાર્મિક જગ્યાનાં ટ્રસ્ટી ધર્મેન્દ્ર જોષીએ વિડીયો વાયરલ કરી ખુલાશો કર્યો

## અમારા ઉપર રાજકીય કિન્નાખોરીથી ફરિયાદ થઈ છે

અમરેલી, તા. ૧૨

ધરાઈ બાલમુકુંદજી હવેલીનાં ધર્મેન્દ્ર જોષીએ સોશ્યલ મીડિયાનાં માધ્યમથી વિડીયો વાયરલ કરીને તેઓ ઉપર રાજકીય કિન્નાખોરીથી ફરિયાદ થયેલ હોવાનું જણાવીને સરપંચ કે તેના પતિ ઉપર થયેલ હુમલામાં તેઓની કોઈ ભૂમિકા જ નથી અને તેઓ રાજય બહાર હોવા છતાં પણ તેઓ ઉપર આક્ષેપ કરવામાં



આવી રહ્યો છે.

વધુમાં જણાવ્યું હતું કે, તેઓ ભાજપ સાથે જોડાયેલ છે અને સનાતન ધર્મ માટે કાર્ય કરતાં હોવાથી રાજકીય કિન્નાખોરી રાખીને ખોટો આક્ષેપ કરીને અમારા પરિવારને વિક્ષેપ કરવાનો પ્રયાસ થઈ રહ્યો હોય સમગ્ર પ્રકરણમાં તેઓ સાવ નિર્દોષ હોવાનું તેઓએ જણાવેલ છે.




**જોઇએ છે**
અમરેલી એક્સપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર....................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બૅંક પાછળ, અમરેલી.




## ભાજપ અગ્રણી ગોપાલ વસ્તરપરાનું નિવેદન

# બાબરા પંથકમાં કોઈપણ સમાજની વ્યકિતને વ્યાજબી બાબતમાં સહયોગ કરવો એ મારી ફરજ છે

## ધરાઈની ફરિયાદનો નિર્ણય ન્યાયાલય ચોકક્સ કરશે

અમરેલી, તા. ૧૨

બાબરાનાં ધરાઈ ગામની ધાર્મિકજગ્યાનાં ચાલતાં વિવાદમાં ભોગ બનનાર ૮૫ વર્ષિય વૃધ્ધની લાગણી સાચી હોવાનું ગામજનોએ જણાવતાં તેઓ નિઃસ્વાર્થપણે વૃધ્ધાની મદદમાં જોડાયા હોવાનું ગોપાલ વસ્તરપરાએ એક નિવેદનમાં જણાવેલ છે.



ધરાઈની ધાર્મિક જગ્યાનાં વિવાદીત પ્રકરણમાં સાચુ શું છે કે ખોટું શું છે તે ન્યાયાલય નકકી કરશે. એક વખત ફરિયાદ નોંધાયા બાદ આરોપીઓએ ન્યાયાલયમાં જઈને તેઓ નિર્દોષ છે તેવું પુરવાર કરવું જોઈએ.

વધુમાં જણાવેલ છે કે, બાબરા કે અન્ય કોઈ વિસ્તારનાં કોઈ વ્યકિત ખોટી રીતે પરેશાન થતી હોય તો ભાજપનાં એક સામાજિક આગેવાન તરીકે મારી ફરજ સમજીને મેં વૃધ્ધાનું સમર્થન કર્યુ હોવાનું જણાવેલ છે.






# ઉનામાં ત્યજી દીધેલ શીશુને સારવાર માટે લઈ ગયેલી એમ્બ્યુલન્સે ચર્ચા જગાવી


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૨

અજાણી નિષ્ઠુર જનેતાએ પાપ છુપાવવા બાળકને જન્મ આપી તરછોડી દીધાની ઘટના ગીર સોમનાથ જિલ્લામાં સામે આવી છે. ગીરસોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં આજે વહેલી સવારે મહિલાએ નવજાત શિશુ તરછોડી પલાયન થઈ ગઈ હોવાનું સામે આવ્યું હતુ. તેવામાં સ્થાનિક રહેવાસીઓને બાળકના રડવાનો અવાજ આવતા સ્થાનિક મહિલાઓએ બાળકને હોસ્પિટલ ખાતે લઈને સારવાર આપી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં સમીર ગેસ એજન્સી પાસેના ભાગે આવેલ ખાણ વિસ્તારમાં વહેલી સવારે એક તરછોડેલુ નવજાત શિશુ મળી આવ્યું હતું. ખાણ વિસ્તારના રહેવાસી દક્ષાબેન ગઈકાલ વહેલી સવારે તેમના ઘરે રસોડામાં કામ કરી રહ્યા હતા તે દરમિયાન તેમના પાડોશીએ બોલાવીને કહ્યું હતું કે, આપણા ઘર પાછળથી એક નાના બાળકનો રડવાનો અવાજ આવી રહ્યો છે. જેથી દક્ષાબેન અને તેમના પડોશીએ તપાસ કરતાં ઘરની પાછળ આવેલી નાળીયેરના કાછલાના ઉકરડામાં નવજાત બાળક મળી આવ્યું હતુ.

નવજાત બાળકના શરીર પર કોઈ પણ જાતના ઈજાના નિશાનો પણ ન હતા. જેથી નવજાત શીશુ કોઈ અજાણી સ્ત્રી જન્મ છુપાવવા માટે નારીયેળના કાછલાના ઉકરડામાં બાળકના ત્યજી દીધેલું હોવાનું અનુમાન લગાવીને આ બાબત અંગેની પોલીસને જાણ કરવામાં આવી હતી. આ અંગેની જાણ પોલીસને થતાં પોલીસનો કાફલો ઘટના સ્થળે આવી જતાં સ્થાનિક મહિલાઓ પોલીસની સાથે બાળકને લઈને હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતા. જયાં બાળકને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. સ્થાનિક મહિલાની ફરિયાદના આધારે પોલીસે ગુનો દાખલ કરીને આ બાળકની માતાને શોધવા માટેની તપાસ શરૂ કરી છે.

## ઉનાની એમ્બુલન્સને સારવારની જરૂર

ઉલ્લેખનીય છે કે, તરછોડેલા નવજાત બાળકને ઉનાની સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ બાળકને વધુ સારવાર આપવા માટે જુનાગઢ માટે લઈ જવાનું હતું. જેથી બાળકને જુનાગઢ લઈ જવા માટે જયારે પોલીસ અને બાળક એમ્બુલન્સમાં સવાર થયાં ત્યારે એમ્બુલન્સ કોઈક કારણોસર શરૂ જ ન થઈ, જેથી ત્યાં હાજર લોકોએ પહેલા એમ્બુલન્સને પાછળથી ધક્કો મારીને એમ્બુલન્સ શરૂ કરવાનો પ્રયત્ન કર્યો હતો, તેમ છતાં એમ્બુલન્સ શરૂ ન થતાં ફરીવાર એમ્બુલન્સને આગળથી ધક્કો મારવામાં આવતાં એમ્બુલન્સ શરૂ થઈ હતી અને બાળકને સારવાર માટે જુનાગઢ લઈ જવામાં આવ્યું હતું. જો ઉનામાં આ પ્રકારે એમ્બુલન્સની હાલત જોતાં હોસ્પિટલે એમ્બુલન્સની સારવાર કરવી જરૂરી બની છે. જોઆ જ પ્રકારે એમ્બુલન્સની હાલત રહી તો ભવિષ્યમાં આ એમ્બુલન્સના કારણે ઈમર્જન્સીમાં કોઈ દર્દી જીવ પણ ગુમાવી દેશે!

### બાબાપુર સર્વોદય સરસ્વતી મંદિર દ્વારા

# ભાવનગર, અમરેલી અને બોટાદ જિલ્લાનો ગાંધી મેળો થોરખાણ હાઈસ્કૂલમાં યોજાયો

### ગ્રામોદ્યોગની સંસ્થાઓએ તૈયાર કરેલ વસ્તુઓનું થયું વેચાણ


તસ્વીર : હસમુખભાઈ રાવળ–બાબાપુર

અમરેલી, તા. ૧૨

શ્રી સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુર આયોજીત, ભાવનગર, અમરેલી અને બોટાદ જિલ્લાનો ગાંધી મેળો શ્રી જનતા વિદ્યાલય થોરખાણ હાઈસ્કૂલમા યોજાયો. કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થના વૈષ્ણવ જન... શાળાની વિદ્યાર્થીનીઓએ રજુ કર્યુ. ત્યારબાદ મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકાયો. શાળાના આચાર્ય એમ.બી.ઝાલાએ આવકાર સાથે સંસ્થા પરિચય આપ્યો. ત્યારબાદ આમંત્રિત મહાનુભાવોનુ સુતરની આટી અને હાથરૂમાલ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. શાળાની દીકરીઓએ શુભ દિન આયો...અભિનય ગીત રજુ કર્યુ. પ્રાસંગિક ઉદ્‌બોધનમા ગાંધી મેળાનો હેતુ,ગાંધીજીના જીવન મૂલ્યો, ગાંધી વિચારધારાનુ અનુસરણ, સ્વચ્છતા, સ્વાવલંબન, સ્વાશ્રય અને વર્તમાન સમયમાં ગાંધી વિચારને આજની યુવા પેઢી સુધી પહોચાડવા વર્તમાન ટેકનોલોજીના જોડાણ પર ભાર મુકવામાં આવ્યો. આ કાર્યક્રમમાં સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુર, સંસ્થાના પ્રમુખ વસંતદાદા પરીખ, લોકભારતી ગ્રામ વિદ્યાપીઠના મેનેજિંગ ટ્રસ્ટી અરૂણભાઈ દવે તથા કાલીન્દીબેન પરીખ, હિંમતભાઈ ગોડા, તથા આદરણીય મંદાકિનીબેન પુરોહિતે પ્રેરક અને મનનીય પ્રવચન આપ્યા હતા. આ સમારંભમાં ભાવનગર, અમરેલી અને બોટાદ જીલ્લાની ગ્રામોધ્ધાર અને ગ્રામોદ્યોગની પ્રવૃતિ કરતી અગ્રગણ્ય સંસ્થાઓએ ભાગ લઈ સંસ્થા ઉત્પાદિત વસ્તુઓના સ્ટોલ તૈયાર કરી વસ્તુ નિર્માણનુ માર્ગદર્શન આપ્યુ અને વસ્તુઓનું વેચાણ કર્યુ.આવા પચ્ચીસેક સ્ટોલ પર લોકોએ વસ્તુ નિહાળી ખરીદી કરી અને માર્ગદર્શન મેળવ્યુ. તેમા સોલાર કુંકર, હાથશાળ વણાટ, લાઈવ તેલ ઘાણી, ગાયના છાણમાથી બનાવેલ વિવિધ વસ્તુઓ ગાંધી પ્રદર્શન વગેરે આકર્ષણનું કેન્દ્ર રહ્યા. કાર્યક્રમમાં અંદાજે એક હજાર ભાઈઓ બહેનો અને બાળકો સામેલ થયા. આ કાર્યક્રમની સાથે રેડક્રોસ સોસાયટી દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ પણ રાખવામા આવેલ. જેમા ત્રીસેક શીશી રકતદાન કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે સૌએ સાથે ભોજન લીધુ. આ કાર્યક્રમમા પધારેલ સૌનો શાળા પરિવાર આભાર વ્યકત કરે છે.

### હજી તો તાલીમમાં છે ત્યાં લખણ ઝળકાવ્યા

# પોલીસ તાલીમમાં ગેરશિસ્ત મામલે પાંચ તાલીમી પી.એસ.આઈ.સસ્પેન્ડ

### બહાનાબાજી કે ગેરશિસ્ત નહી ચાલે : અભય ચુડાસમા આઈ.જી.પી.

અમરેલી, તા. ૧૨

પોલીસ તાલીમ દરમિયાન બહાનાબાજી નહી ચાલે આવો કડક સંદેશો આપતા કરાઈ પોલીસ ટ્રેનીંગ એકેડમીના આઈ.જી.પી. અભય ચુડાસમાએ પાંચ પી.એસ.આઈ.ને સસ્પેન્ડ કર્યા છે. શિસ્તના પાયા પર રચાયેલા પોલીસફોર્સ માં ખોટા બહાના કરીને ખોટી રજા લઈ રહેલા તાલીમી પોલીસ અધિકારીઓ સામે શિસ્તના આગ્રહી એવા આઈ.પી.એસ. અભય ચુડાસમાએ કડક કાર્યવાહી શરૂ કરતા ફફડાટ ફેલાયો છે. સસ્પેન્ડ કરાયેલા તાલીમી પી.એસ.આઈ. માં (૧) તાલીમી પો.સ.ઈ.મુન્નાભાઈ એચ. આલ (૨) તાલીમી પો.સ.ઈ. દેવલબેન વજુભાઈ દેવમુરારી (૩) તાલીમી પો.સ.ઈ. કમલેશકુમાર તલાભાઈ સુથાર (૪) તાલીમી પો.સ.ઈ. માદેવભાઈ અચળાભાઈ પટેલ (૫) તાલીમી પો.સ.ઈ. હરેશદાન અશોકદાન ટાપરીયાનો સમાવેશ થાય છે.

ઉપરોકત તાલીમાર્થીઓને ખોટી કંકોત્રી છપાવી, જુનીયર કલાર્ક, તલાટી જેવી પો.સ.ઈ. કક્ષાથી નીચેના દરજજાની તથા ઓછા પગાર ધોરણ ધરાવતી સ્પર્ધાત્મક પરીક્ષા આપવાના, પોતાની સગાઈ, ભાઈ–બહેનની સગાઈ, ભાઈ–બહેન ના લગ્ન વિગેરે મતલબના ખોટા બહાના હેઠળ અત્રેની સંસ્થાના ઉપરી અધિકારીઓને ગેરમાર્ગે દોરી ખોટી રજાઓ મેળવેલ. તથા બિન હથિયારી પો.સ.ઈ.ની તાલીમ દરમ્યાન ઈન્ડોર તથા આઉટડોર તાલીમમાં ગેરશિસ્ત બદલ અવારનવાર ચેતવણી આપવા, તેઓ વિરૂધ્ધ રીપોર્ટ કરવા છતા તેઓએ ગેરશિસ્ત ભર્યુ વર્તન ચાલુ રાખેલ. તદઉપરાંત ઉપરોકત પ્રકારની કસુર બદલ ચેતવણી તથા ઠપકાની શિક્ષા કરવા છતા તેમના વર્તનમાં કોઈપણ પ્રકારનો સુધારો આવેલ નહી. તેઓને તાલીમ દરમ્યાન રૂા.૪૯,૦૦૦ જેટલો પગાર મળતો હોવા છતા પોતાની ફરજ ટાળવાની વૃતિથી વિવિધ પ્રકારની રજાઓ મેળવી ગંભીર પ્રકારની ગેરવર્તણુંક કરેલ છે. અને તાલીમ દરમ્યાન જ પોલીસ વિભાગને છાજે નહી તેવુ વર્તન કરેલ હોઈ, આમ, પોલીસ ખાતા જેવા શિસ્તને વરેલા વિભાગમાં નોકરીમાં ચાલુ રાખવા હિતાવહ ન હોઈ તેઓની નોકરી સમાપ્ત કરવા હુકમ કરવામાં આવેલ છે.

### બાતમીનાં આધારે ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# જાફરાબાદમાંથી વિદેશી દારૂની બોટલ પડતર જગ્યામાંથી મળી આવી

### અજાણ્યા શખ્સને શોધવા કવાયત શરૂ

અમરેલી, તા. ૧૨

કોઈ અજાણ્યા ઈસમે રીંગપેક કાચની બોટલ નંગ–૨૭ હોયજે તમામ બોટલો ઉપર ૪૨.૮ અ વી/વી ફોર સેલ ઈન રાજસ્થાન ઓન્લી લખેલ કુલ બોટલ નંગ–૨૭ કિમત રૂપિયા ૨૬,૮૬૫ તેમજ ૫૦૦ એમ એલની કંપની રીંગપેક બીટર ટીન નંગ–૧૬૪ હોય જે બીયર ટીન ઉપર ૫% વી/વી અપટુ ૮% વી/વી ફોર સેલ ઈન રાજસ્થાન ઓન્લી લખેલ નંગ–૧૬૪ કિંમત રૂપિયા ૧૯,૬૮૦ જાફરાબાદ માલુમા સ્ટેડીયમથી નાની રાયણ જવાના રસ્તે ખુલ્લી પડતર જગ્યામાં જગ્યાએથી મળી આવેલ કુલ રૂપિયા ૪૬,૫૪૫નો પ્રોહી મુદ્દામાલ પડતર જગ્યામાં કોઈ અજાણ્યા ઈસમે રાખેલ હોવાની બાતમી અમરેલી એલસીબી પોલીસને મળતાં કાર્યવાહી હાથ ધરેલ હતી.

### તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીનું નિવેદન

# ગાંવ ચલો અભિયાન દ્વારા ગામડાનાં લોકોને મૂર્ખ બનાવતા ભાજપનાં નેતાઓ

### ગામડાઓમાં સુવિધાનાં નામે શૂન્ય

અમરેલી, તા. ૧૨

ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષથી ભાજપનું શાસન છે અને કેન્દ્રમાં છેલ્લા ૧૦ ભાજપનું શાસન છે,અને આ ભાજપના રાજમાં આજે સમગ્ર ગુજરાતના ગામડાઓ ભાંગીને ખાલીખમ થઈ ગયા છે,ભાજપના રાજમા ગામડાઓમાં સારા રસ્તાઓ પણ નથી, ગુજરાતના હજુ પણ ઘણા એવા ગામો છે ત્યાં વીજળીની પૂરતી સુવીધાઓ પણ ઉપલબ્ધ નથી, આજે ગામડાના લોકોને પીવા માટેનું સારું અને મીઠા પાણીની પણ વ્યવસ્થા ૩૦ વર્ષે ભાજપ સરકાર કરી શકી નથી,ગામડાના ખેડુતોને ટકાવવા માટે અને આર્થિક ટકાવવા માટે અને આર્થિક રીતે સધ્ધર બનાવવા માટે પિયત માટેનું પાણી પણ આ ભાજપની સરકાર ઉપલબ્ધ કરાવી શકી નથી, ગામડાઓમાં સારું અને ઉચ્ચ શિક્ષણ માટેની કોઈ પણ વ્યવસ્થા ભાજપનાં રાજમાં ઉપલબ્ધ નથી,શિક્ષિત યુવાનોને રોજગારી માટેની કોઈ વ્યવસ્થા ગામડે નથી,પરિણામે સારું અને ઉચ્ચ શિક્ષણ તથા રોજગારી માટે યુવાનો ગામડું છોડીને શહેર તરફ પ્રયાણ કર્યુ છે, આજે ગામડાઓમાં આરોગ્યની કોઈપણ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ નથી, પરિણામે લોકોને ઈલાજ કરાવવા માટે શહેરમાં જવું પડે છે, આમ ૩૦–૩૦ વર્ષના ભાજપના શાસનકાળમાં ગામડાઓ ખાલીખમ થઈ ગયા છે, ત્યારે ભાજપના નેતાઓ દ્વારા ગાંવ ચલો અભિયાન દ્વારા ગામડાના લોકોને માત્રને માત્ર મૂર્ખ બનાવવાનું કામ કરી રહ્યા છે.

### અરજદારે કંટાળીને ધારાસભ્યને ફરિયાદ કરી

# લ્યો બોલો : સા.કુંડલાનાં વીજપડીના અરજદારનું ૭ મહિનાથી અલગ રેશનકાર્ડ કાઢી અપાતું નથી

### ગરીબ પરિવારને ન્યાય મળવો જરૂરી

અમરેલી, તા. ૧૨

સાવરકુંડલાના વીજપડી ગામનાં રાકેશનાથ માંગરોળીયાએ ધારાસભ્ય મહેશ કસવાલાને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, રેશનકાર્ડ અલગ કરવા માટે તા. ૧૨/૮/૨૦૨૩ ની પહોંચ મુજબ કાર્યવાહી કરેલ છે. સાત માસ જેવો સમય થયો છતાં અલગ રેશનકાર્ડ કરી આપવામાં આવતું નથી. ભીક્ષવૃતિ, મજુરી કરી જીવન ગુજરનાર નાથજી પરિવારનાં છીએ. બી.પી.એલ. કોલોનીમાં રહેતા ગરીબ લોકો છીએ. સાવરકુંડલા ધક્કા ખાઈને કંટાળ્યા છીએ એટલે અરજી કરવાની ફરજ પડેલ છે. તેમ અંતમાં જણાવેલ છે.

# વીજપડી : આહીર સમાજ દ્વારા ૨૩ મો સમુહ લગ્ન કાર્યક્રમ યોજાશે

વીજપડી, તા. ૧૨

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે આહીર સમાજ દ્વારા તા.૧૭/૨/૨૦૨૪ ના રોજ ૨૩ મો સમુહ લગ્ન કાર્યક્રમ યોજાશે જેમાં ૩૬ નવયુગલો પ્રભુતામાં પગલા પાડશે આ પ્રસંગે મુળુભાઈ બેરા કેબિનેટ મંત્રી કૌશિકભાઈ વેકરીયા મુખ્ય દંડક વિધાનસભા નારણભાઈ કાછડીયા સાંસદ અમરેલી મહેશભાઈ કસવાલા ધારાસભ્ય સાવરકુંડલા બાવકુભાઈ ઉંઘાડ માજી ધારાસભ્ય પુનમબેન માંડમ સાંસદ સભ્ય ભગાભાઈ બારડ ધારાસભ્ય ઉદયભાઈ કાનગઢ ધારાસભ્ય રાજકોટ ત્રિકમભાઈ સાંગા ધારાસભ્ય અંજાર કચ્છ અમરીશ ડેર માજી ધારાસભ્ય રાજુલા માયાભાઈ આહીર લોક સાહિત્યકાર તેમજ રઘુભાઈ હુંબલ જ્ઞાતિ અગ્રણી જેવા મહાનુભાવો તેમજ સમસ્ત આહીર સમાજ જ્ઞાતિનાં અગ્રણીઓ તેમજ ઉદ્યોગકારો તેમજ સંગઠનના તમામ હોદેદારો તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના સરપંચો પણ ઉપસ્થિત રહી આ પ્રસંગને દીપાવશે આ પ્રસંગે આહીર સમાજ સમિતિ વિજપડી દ્વારા રકતદાન શિબિરનું આયોજન પણ કરાયું છે. તેમજ સમસ્ત જ્ઞાતિનાં દાતાઓ તરફથી નવયુગલોને કરિયાવર પેટે ૭૦ વસ્તુઓ તમામ યુગલોને આપવામાં આવશે.

### ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા ભૂમિપૂજન

# વલારડીથી ચમારડી સુધીના માર્ગ રૂપિયા ૮૨ લાખનાં ખર્ચે બનશે

### ગ્રામજનોની માંગ પૂર્ણ થતાં હાશકારો

લાઠી, તા. ૧૨

બાબરા તાલુકાના વલારડીથી ચમારડી ગામને જોડતો માર્ગ ઘણા વર્ષોથી અતિ બિસ્માર હાલતમાં હતો. સ્થાનિક આગેવાનોએ અનેક વખત રજુઆત કરતા લાઠી બાબરાના કર્મનિષ્ઠ અને કામમાં માનનારા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા આ અંગે ગંભીરતા પૂર્વક સરકારમાં રજૂઆત કરી ખુબજ ટૂંકા સમયગાળામા માર્ગ અને મકાન વિભાગમાંથી મંજુરી મેળવી રૂા.૮૨ લાખના ખર્ચે વલારડીથી ચમારડી સુધીના રોડને રિસરફેસ કરવાના કામ મંજુર થતા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે આગેવાનોની અને ગામલોકોની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.



આ તકે ચમારડી ગામના ભામાશા ગોપાલભાઈ વસ્તરપરા, જિ.પંચાયત સદસ્ય હિંમતભાઈ દેત્રોજા, ગામના સરપંચ જગદીશભાઈ સહિતના આગેવાનો, ભારતીય જનતા પાર્ટી સંગઠનના હોદેદારો તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા તેમજ ગામજનોએ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનો આભાર માન્યો હતો. તેમજ રિસર્ફેસિંગ અંગેની કામગીરી ખંત પૂર્વક અને ગુણવત્તા સભર થાય તે અંગેની તકેદારી રાખવા ધારાસભ્ય જનકભાઈ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# કરીયાણાં ખાતે ગાંવ ચલો અભિયાનનો પ્રારંભ કરાવતા જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા તાલુકામાં ગાંવ ચલો અભિયાન ભાજપ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. જેમાં લોકો સુધી ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ દ્વારા પહોંચી રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ તેમજ સરકાર દ્વારા કરવામાં આવેલ વિકાસ કામો જણાવી લોક સંપર્ક કરવામાં આવી રહ્યો છે. કરીયાણાં જિલ્લા પંચાયતના વિસ્તાર સભ્ય નીતિનભાઈ રાઠોડ દ્વારા અહીં પ્રવાસી કાર્યકર તરીકે ગ્રામ્ય વિસ્તારોમાં લોક સંપર્ક કરવામાં આવી રહ્યો વલારડી સહિતના ગામો તાલુકા ભાજપના ઉપ પ્રમુખ કિરીટભાઈ બગડા, મધુભાઈ ગેલાણી, કાંતિભાઈ દેત્રોજા સહિતના અગ્રણીઓ દ્વારા ગાંવ ચલો અભિયાનમાં લોક સંપર્ક કરવામાં આવી રહ્યો છે.

## શહેરમાં ઠેક–ઠેકાણે ચાલતા પેવીંગ બ્લોકનાં કામોને લઈને નારાજગી

# અમરેલી શહેરમાં પેવીંગ બ્લોકનું લેબોરેટરી ટેસ્ટીંગ કરો

### વિપક્ષી નગરસેવિકા સેજલબેન સોલંકીએ ચીફ ઓફિસરને પત્ર પાઠવીને લેબોરેટરી કરાવવા માંગ કરી

### શહેરમાં પેવીંગ બ્લોકની કામગીરી દિનપ્રતિદિન વિવાદનું કેન્દ્ર બની રહી છે

### પાલિકાનાં શાસકોએ જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાનો સદ્‌ઉપયોગ કરવો જોઈએ

### ભ્રષ્ટાચાર મુકત શાસન આપવાની ગુલબાંગો વચ્ચે ભ્રષ્ટાચાર વિહીન શાસન ચાલે તે જરૂરી

અમરેલી, તા. ૧ર

અમરેલી શહેરમાં ઠેક ઠેકાણે ચાલતાં પેવીંગ બ્લોકનાં કામોને લઈને ભ્રષ્ટાચારની ફરિયાદ ઉભી થઈ રહી છે અને ભાજપનું શાસન હોય અને ભ્રષ્ટાચારની બદબુ ફેલાયેલ તે બાબત યોગ્ય નથી.

દરમિયાનમાં પાલિકાનાં વિપક્ષી નગરસેવિકા સેજલબેન સોલંકીએ ચીફ ઓફિસરને પત્ર પાઠવીને જણાવેલ છે કે, તાજેતરમાં અમરેલી શહેરનાં જુદા જુદા વિસ્તારનાં રોડ, રસ્તા, ચોક ઉપર પાલિકાએ રોકેલી એજન્સી ધ્વારા હલ્કી ગુણવત્તાવાળા પેવીંગ બ્લોક ફીટ કરવામાં આવી રહ્યા હોય. જે બાબતે અમોએ તથા શહેરીજનોએ ફરિયાદ કરતાં તા. ૭/ર/ર૪નાં રોજ પાલિકાના ચીફ ઓફિસર, બાંધકામ એન્જીનીયરીંગ, શહેરના નાગરીકો, પંચો તથા અમારી હાજરીમાં લેબોરેટરી ટેસ્ટીંગ માટે ફીટ કરાયેલ બ્લોકના નમૂનાઓ લઈને વડોદરા ખાતે ગેરી લેબ ખાતે ટેસ્ટીંગમાં મોકલવામાં આવેલ છે.

જેથી આ હલકી ગુણવત્તાવાળા બ્લોકથી નગરપાલિકાને નુકસાન થઈ રહ્યું છે અને શહેરનાં લોકોના ટેકસનાં પૈસાનો દુરૂઉપયોગ ન થાય તે માટે વડોદરાની લેબોરેટરી ટેસ્ટીંગમાં જો આ ટેસ્ટમાં ગેરલાયક ઠરાવવામાં આવે તેવી પુરી સંભાવના હોય જેથી જયાં સુધી આ બાબતના લેબોરેટરી ટેસ્ટીંગનો રીપોર્ટ ન આવે ત્યાં સુધી આ કામ કરતી તમામ એજન્સીના તમામ બીલો રોકવામાં આવે. આમ છતાં જો આ બીલ પેટે એકપણ રૂપિયાની રકમ ચુકવવામાં આવશે તો તેની સઘળી જવાબદારી નગરપાલિકાનાં ચીફ ઓફિસર, બાંધકામ એન્જીનીયર વગેરેની રહેશે.

---

## અમરેલી તાલુકા વિસ્તારમાં હત્યા કરી હતી

# રાજકોટ જેલમાં હત્યાનાં ગુન્હામાં સજા ભોગવતા કેદી વચગાળાનાં જામીન પરથી ફરાર

### તાલુકા પોલીસે કેદીને ઝડપી લઈ કાર્યવાહી શરૂ કરી



અમરેલી, તા. ૧ર

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના આઈ.પી.સી. કલમ ૩૦ર, ૩૪ મુજબના કામે આરોપીને સેશન્સ કોર્ટ અમરેલી દ્વારા આજીવન કેદ તથા દંડની સજા હુકમ થયેલ હોય અને મજકુર કેદી રાજકોટ મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવતો હોય અને ગુજરાત હાઈકોર્ટના હુકમ અન્વયે તે કેદીને વચગાળાના જામીન ઉપર દિન બે ગત તા. ૮/૧ ના રોજ મુકત થયેલ અને મજકુર કેદી તા. ૧૧/૧ ના રોજ ફરાર થયેલ. જે કામે કેદી ફરાર હોય તે કેદીને અમરેલી તાલુકાના ચિત્તલ જસવંતગઢ ગામેથી તા. ૧૦/ર ના રોજ પકડી પાડી બાકી રહેતી સજા ભોગવવા સારૂ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપેલ છે.

આ બનાવમાં અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહે જીલ્લાઓમાં પેરોલ ફરાર કેદીઓને તથા નાસતા ફરતા આરોપીઓને તાત્કાલીક પકડી પાડવા સુચના આપેલ હોય, અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના આઈ.પી.સી. કલમ ૩૦ર, ૩૪ મુજબના કામે અમરેલીના ચિતલ ગામે રહેતા આરોપી અનવર ઉર્ફે અનુ ઉર્ફે ભુરો હનીફભાઈ ઈસ્માઈલભાઈ બીલખિયાને અમરેલી સેશન્સ કોર્ટ દ્વારા આજીવન કેદ તથા દંડની સજાનો હુકમ થતા તે આરોપી રાજકોટ મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવતો હોય, પરંતુ ગુજરાત હાઈકોર્ટના હુકમ અન્વયે તે કેદીને વચગાળાના જામીન રજા પર દિન–ર માટે મુકત કરવા હુકમ થતા તે કેદીને તા. ૮/૧ ના રોજ મુકત થયેલ અને મજકુર કેદી તા. ૧૧/૧ના રોજ ફરાર થયેલ હોય, જે કેદી ફરાર હોય તે કેદીને અમરેલી તાલુકાના ચિત્તલ જસવંતગઢ ગામેથી તા. ૧૦/ર ના રોજ પકડી પાડી બાકી રહેતી સજા ભોગવવા સારૂ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપેલ છે.

---

# બગસરા પોલીસ સ્ટેશનમાં નાયબ પોલીસ અધિક્ષકનો વિદાય સમારંભ યોજાયો





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧ર

બગસરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ડીવાયએસપી સોલંકીનો વિદાય સમારંભ પોલીસ સ્ટાફ દ્વારા યોજાયો હતો. જેમાં ગામના આગેવાનો પીએસઆઈ ડાંગર મેડમ પોલીસ સ્ટાફ હાજર રહ્યા હતા. ડીવાયએસપી સોલંકી ૪પ દિવસની ટૂંકી મુદ્દતમાં બગસરામાં સારી કામગીરી કરીને બગસરા વાસીઓના દિલ જીતી લીધા હતા. ડીવાયએસપી સોલંકી ૪પ દિવસ નહીં પરંતુ એક વર્ષ રહ્યા હોય તેમ કામગીરી કરી હતી. ત્રણ માસ માટે કમાન્ડોની ટ્રેનિંગમાં સોલંકી ગયા છે. પરંતુ બગસરા વાસીઓને તેની કામગીરી જોઈને બગસરા છોડીને ટ્રેનિંગમાં ગયા તે ગમ્યું નથી બગસરામાં રહ્યા ત્યાં સુધી લોકોના પ્રશ્નોને ઢોલ કરવા સતત કટિબંધ રહ્યા હતા બગસરા પોલીસ સ્ટેશન સોલંકી સાથે કામ કરવાનો આનંદ આવ્યો હતો અને તેની પાસેથી ઘણું બધું શીખવા મળ્યું હતું. આ તકે પોલીસ સ્ટાફ, ગામના આગેવાનો દિનેશભાઈ હડિયલ, રજાકભાઈ કાળવાતર, ફિરોજભાઈ ઘનાભાઈએ દિવસ પી સોલંકીને પુષ્પગુચ્છ ફુલહાર શાલ ઓઢાડીને સન્માન કર્યુ હતું તેમજ તમામ પોલીસ સ્ટાફ દ્વારા ગિફટ આપી સન્માનિત કરેલ. આ તકે પત્રકાર સમીરભાઈ વિરાણીએ ડીવાયએસપી સોલંકીને ફુલહાર પહેરાવી શાલ ઓઢાડીને સન્માનિત કર્યા હતા. પીએસઆઈ ડાંગર દ્વારા શ્રીફળ પડો આપીને સન્માન કર્યુ.

---

## વડિયાનાં અમરાપુર ગામની ઘટના

# પત્નીની યાદમાં વ્યસની બની ગયેલ યુવકને પિતાજીએ ઠપકો આપતાં ઝેરી દવા પીધી

### જૂનાગઢ ખાતે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા

અમરેલી, તા. ૧ર

વડીયા તાલુકાના અમરાપુર ગામે રહેતા પ્રદિપભાઈ હસમુખભાઈ સોલંકીએ ગત તા. ૧૭/૧/ના રોજ પોતાની પત્નિની યાદમાં વ્યસનની ટેવ પડી ગયેલ હોય, જેથી તેને તેના બાપુજીએ ઠપકો આપતા પ્રદિપભાઈ હસમુખભાઈ સોલંકીને લાગી આવતા ઝેરી દવા પી ગયેલ હોય અને જુનાગઢ ખાતે સારવારમાં દાખલ કરેલ હોય, ત્યાં તેમનું સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

## આઈટીસી કંપનીનાં બનાવટી મેનેજર દ્વારા

# અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘનાં કર્મચારી સાથે રૂપિયા ૮.૮૭ લાખની છેતરપીંડી

### આઈટીસી કંપનીની એજન્સી અપાવવાનાં નામે છેતરપીંડી

અમરેલી, તા. ૧ર

અમરેલીના જેશીંગપરામાં આવેલ કુંકાવાવ રોડ ઉપર રહેતા અને અમરેલી જિલ્લા સહકારી ખરીદ–વેચાણ સંઘ, અમરેલીમાં નોકરી કરતા એક ૩૪ વર્ષિય યુવકને અજાણ્યા આરોપીએ પોતાની આઈટીસી લીમીટેડ કંપનીના મેનેજર તેમજ કર્મચારી તરીકેની પોતાની ખોટી ઓળખ આપી યુવકને આઈટીસી લીમીટેડ કંપનીની ડીલરશીપ મેળવવા માટેની ખોટી લાલચ આપી યુવક પાસેથી ગુગલ–પે દ્વારા તથા યુવકના બેંક એકાઉન્ટોમાંથી જુદી જુદી રકમના ટ્રાન્જેકશન કરાવડાવી કુલ રૂપિયા ૮,૮૭,૬૩૧ ની વિસઘાત અને ઠગાઈ કરી ગુન્હો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ અમરેલીના જેશીંગપરામાં આવેલ કુંકાવાવ રોડ ઉપર રહેતા અને અમરેલી જિલ્લા સહકારી ખરીદ–વેચાણ સંઘ, અમરેલીમાં નોકરી કરતાં ઉદયભાઈ રવજીભાઈ દુધાત નામના ૩૪ વર્ષિય યુવકને અજાણ્યા આરોપીએ ગત તા. ૧૧/૧ ના બપોરના ર/૩૦ થી તા. પ/ર ના બપોરના ર/૪પ ના સમય દરમ્યાન મોબાઈલ ૯૦૩૮૭ ૩૪પ૧ર, ૮૯૮૧૮ ૩૩૮ર૮, ૮૩૪૬૮ ૦૭ર૧૦ના ધારક તથા ઈ–મેઈલ આઈ.ડી help@itcdistributors.org.in ના ધારકે પોતાની આઈટીસી લીમીટેડ કંપનીના મેનેજર તેમજ કર્મચારી તરીકેની પોતાની ખોટી ઓળખ આપી યુવકને આઈટીસી લીમીટેડ કંપનીની ડીલરશીપ મેળવવા માટેની ખોટી લાલચ આપી યુવક પાસેથી ગુગલ–પે દ્વારા તથા યુવકના બેંક એકાઉન્ટોમાંથી જુદી જુદી રકમના ટ્રાન્જેકશન કરાવડાવી કુલ રૂપિયા ૮,૮૭,૬૩૧ ની વિસઘાત અને ઠગાઈ કરી ગુન્હો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાતા અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પો.ઈન્સ. ડી.કે. વાઘેલાએ વધુ તપાસ હાથ ધરેલ છે.

---

## સદ્‌નસીબે જાનહાની ટળી જતાં હાશકારો

# અમરેલીનાં સરકારવાડા વિસ્તારમાં ભરબપોરે રહેણાંક મકાનમાં આગ લાગી

### ફાયર ફાઈટર ટીમે આગ પર કાબુ મેળવ્યો



અમરેલી, તા. ૧ર

અમરેલી શહેરનાં મધ્યમાં આવેલ રામજી મંદિર પાસે સરકાર વાડા વિસ્તારમાં સેવક મંડળવાળી શેરીમાં બપોરનાં સમયે એક રહેણાંક મકાનમાં અચાનક આગ લાગવાની ઘટના બનેલ હોય. તેના અનુસંધાને અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તુરંત ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. આ આગની ઘટનામાં તે ઘરની ફકત ઘરવખરીનો સામાન બળીને ખાખ થયેલ હતો. તથા આ સંપૂર્ણ ઘટનામાં કોઈપણ જાનહાની થયેલ ન હતી. કામગીરીમાં ફાયર સ્ટાફના સાનિયા નિલેશભાઈ, કરનભાઈ ગઢવી, જયદીપભાઈ ઈસોટીયા, ભુરીયા જગદીશભાઈ વગેરે જોડાયા હતા.






















### PF પર વ્યાજ વધ્યું, તેથી DA ની અપેક્ષા વધી

# કેન્દ્રીય કર્મચારીઓને મોદી સરકાર આપી શકે છે મોટી ભેટ

## મોદી સરકાર વર્ષ ૨૦૨૪ના પહેલા છ મહિનામાં કેન્દ્રીય કર્મચારીઓને ડીએમાં વધારાની ભેટ આપી શકે છે

નવી દિલ્હી, તા.૧૨

**PF** ખાતાધારકોને મોટી ભેટ આપતા કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન એ શનિવારે વ્યાજદરમાં વધારાની જાહેરાત કરી હતી. જે હવે વધારીને ૮.૨૫ ટકા કરી દેવામાં આવી છે. ચૂંટણીના વર્ષમાં પીએફ પર વ્યાજમાં વધારો થયા બાદ હવે મોંઘવારી ભથ્થા માં ટૂંક સમયમાં વધારો થવાની આશા છે. જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો સરકાર માર્ચ ૨૦૨૪માં આ અંગે મોટો નિર્ણય લઈ શકે છે. જો આવું થાય છે. તો કેન્દ્રીય કર્મચારીઓને આપવામાં આવતો હ્ઢછ ૫૦ ટકા થઈ જશે. **EPFO** ના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટી એ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે કર્મચારી ભવિષ્ય નિધિ ખાતા માટે નવા વ્યાજ દરની જાહેરાત કરી છે. **EPFO** એ દેશના લગભગ ૭ કરોડ કર્મચારીઓને ભેટ આપી છે અને તેને વધારીને ૮.૨૫ ટકા કરી છે. પીટીઆઈ અનુસાર, પીએફ ખાતાધારકોને હવે પહેલા કરતા ૦.૧૦ ટકા વધુ વ્યાજ મળશે. ગયા વર્ષે ૨૮ માર્ચે, **EPFO**એ ૨૦૨૨-૨૩ માટે કર્મચારી ભવિષ્ય નિધિ (**EPF**) ખાતાઓ માટે ૮.૧૫ ટકાના વ્યાજ દરની જાહેરાત કરી હતી. પીએફના વ્યાજ દરમાં વધારા સાથે કેન્દ્રીય કર્મચારીઓમાં પણ ડીએમાં વધારાની આશા વધી ગઈ છે.

સરકાર કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વર્ષમાં બે વાર વધારો કરે છે અને જાન્યુઆરી-જૂન અર્ધ વર્ષ માટે હ્ઢછ વધારો માર્ચ ૨૦૨૪ માં જાહેર કરવામાં આવે તેવી અપેક્ષા છે. જો અહેવાલોનું માનીએ તો આ વખતે સરકાર ચૂંટણી પહેલા કેન્દ્રીય કર્મચારીઓને ૪ ટકા ડીએ વધારાની ભેટ આપી શકે છે અને તેની જાહેરાત આવતા મહિને થઈ શકે છે.

તમને જણાવી દઈએ કે વિવિધ અહેવાલોના આધારે આ અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે, જ્યારે સરકાર દ્વારા હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર ટિપ્પણી કરવામાં આવી નથી. પરંતુ જો ડીએમાં ૪ ટકાનો વધારો થશે તો કર્મચારીઓના પગારમાં બમ્પરવધારો થશે. હાલમાં કેન્દ્રીય કર્મચારીઓનો ડીએ ૪૬ ટકા છે, જેને વધારીને ૫૦ ટકા કરી શકાય છે.

એક તરફ કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો અપેક્ષિત છે અને જો આમ થશે તો ૧ જાન્યુઆરી ૨૦૨૪થી કર્મચારીઓને તેનો લાભ મળશે. આ સાથે, જ્યારે મોંઘવારી ભથ્થું ૫૦ ટકા સુધી પહોંચે છે, ત્યારે કર્મચારીઓને આપવામાં આવતા મકાન ભાડા ભથ્થામાં પણ વધારો થઈ શકે છે. જુલાઈ ૨૦૨૧ના મહિનામાં, જ્યારે હ્ઢછ ૨૫ ટકાને વટાવી ગયો હતો, ત્યારે ઉઁઇછમાં ૩ ટકાનો વધારો જોવા મળ્યો હતો અને તેને વધારીને ૨૭ ટકા કરવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં, જ્યારે હ્ઢછ ૫૦ ટકા છે ત્યારે ફરી એકવાર **HRA** વધારો અપેક્ષિત છે અને જો અહેવાલોનું માનીએ તો તેને વધારીને ૩૦ ટકા કરી શકાય છે. સરકાર કેન્દ્રીય કર્મચારીઓને આપવામાં આવતા મોંઘવારી ભથ્થામાં વર્ષમાં બે વાર સુધારો કરે છે. જેનો લાભ તેમને ૧લી જાન્યુઆરી અને ૧લી જુલાઈથી આપવામાં આવે છે. તેની ગણતરીની વાત કરીએ તો, મોંઘવારી ભથ્થું અથવા ડીએ કર્મચારીઓના પગારનો એક મહત્વપૂર્ણ ભાગ છે અને તેમાં વધારાની સીધી અસર કર્મચારીઓને મળતા પગાર પર પડે છે. તે ફુગાવાના દરના આધારે નક્કી કરવામાં આવે છે. ફુગાવો જેટલો ઊંચો, કર્મચારીઓના ડીએમાં તેટલો વધારો અપેક્ષિત છે. ડિસેમ્બર ૨૦૨૩ માટે ઓલ ઈન્ડિયા **CPI-IW** ૦.૩ પોઈન્ટ ઘટીને ૧૩૮.૮ થઈ ગયો. તેના આધારે એવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે સરકાર ડીએમાં ૪ ટકાનો વધારો કરી શકે છે.

જો આપણે ડીએ વધારા પછી કેન્દ્રીય કર્મચારીઓના પગાર વધારાની ગણતરી જોઈએ તો, જો કોઈ કેન્દ્રીય કર્મચારીને ૧૮,૦૦૦ રૂપિયાનો મૂળ પગાર મળે છે, તો કર્મચારીનું મોંઘવારી ભથ્થું હાલમાં રૂ. ૪૬ ટકાના દરે ૮,૨૮૦, જ્યારે આ ૪ ટકાના વધારા પછી જો ૫૦ ટકાના આધારે ગણતરી કરવામાં આવે તો તે વધીને રૂ. ૯,૦૦૦ થશે. એટલે કે તેના પગારમાં સીધો ૭૨૦ રૂપિયાનો વધારો થશે.

જો મહત્તમ મૂળભૂત પગારના આધારે ગણતરી કરીએ તો ૫૬,૯૦૦ રૂપિયા મેળવનાર કર્મચારીને ૪૬ ટકાના દરે ૨૬,૧૭૪ રૂપિયાનું ડીએ મળે છે, જો તે ૫૦ ટકા હોય તો આંકડો ૨૮,૪૫૦ રૂપિયા થાય. એટલે કે પગારમાં રૂ. ૨,૨૭૬નો વધારો થશે.

### ફૂટનીતિક મોરચે ભારતની મોટી જીત

# કતારની જેલથી ૮ ભારતીયોનો છૂટકારો, ૭ સ્વદેશ પાછા ફર્યા

## કતારે આઠ ભારતીય પૂર્વ નેવી અધિકારીઓને છોડી મૂક્યા, તેઓ જાસૂસીના આરોપનો સામનો કરી રહ્યા હતા

નવી દિલ્હી, તા.૧૨

ભારતની મોટી ફૂટનીતિક જીત થઈ છે. કતારે આઠ ભારતીય પૂર્વ નેવી અધિકારીઓને છોડી મૂક્યા છે. તેઓ જાસૂસીના આરોપનો સામનો કરી રહ્યા હતા. તેમને મોતની સજા સંભળાવવામાં આવી હતી. ભારતની ભલામણ પર તેમની સજાને કતારના અમીરે અગાઉ ઘટાડી હતી અને ઉમરકેદમાં ફેરવી હતી. હવે વિદેશ મંત્રાલયના જણાવ્યાં મુજબ તેમને છોડી મૂકવામાં આવ્યા છે અને તેમાંથી સાત પૂર્વ નેવી અધિકારીઓ ભારત પાછા પણ ફર્યા છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારત સરકાર કતારમાં ધરપકડ કરાયેલા દહરા ગ્લોબલ કંપની માટે કામ કરનારા આઠ ભારતીય નાગરિકોના છૂટકારાનું સ્વાગત કરે છે. આઠમાંથી સાત ભારતીયો ભારત પાછા ફર્યા છે. અમે આ નાગરિકોના છૂટકારા અને ઘર વાપસીને સક્ષમ કરવા માટે કતારના અમીરના નિર્ણયને બિરદાવીએ છીએ. કતારમાં ધરપકડ કરાયેલા ૮ ભારતીયોમાં કેપ્ટન નવતેજ સિંહ ગિલ, કેપ્ટન બીરેન્દ્રકુમાર વર્મા, કેપ્ટન સૌરભ વશિષ્ઠ, કમાન્ડર અમિત નાગપાલ, કમાન્ડર પૂર્ણેન્દુ તિવારી, કમાન્ડર સુગુનાકર પકાલા,કમાન્ડર સંજીવ ગુપ્તા અને સલર રાગેશ સામેલ હતા. આ અગાઉ ભારત સરકાર તરફથી મોતની સજા વિરુદ્ધ દાખલ કરાયેલી અપીલને કતાર કોર્ટે સ્વીકારી હતી. ભારત પાછા ફરેલા પૂર્વ નેવી અધિકારીઓમાંથી એકે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તક્ષેપ વગર તેમનો છૂટકારો શક્ય નહતો. તેમણે દિલ્હી એરપોર્ટ પર લેન્ડ થયા બાદ ભારત માતા કી જયના નારા પણ લગાવ્યા. તમામ પૂર્વ અધિકારીઓએ પીએમ મોદી અને કતારના અમીરનો આભાર માન્યો. એક પૂર્વ અધિકારીએ કહ્યું કે ભારત સરકારની કોશિશો વગર તેમનો છૂટકારો શક્ય નહતો. અલદાહરા ગ્લોબલ ટેક્નોલોજીસ અને કન્સલ્ટન્સી સર્વિસીઝ સાથે કામ કરતા પૂર્વ ભારતીય નેવી કર્મચારીઓને ભ્રષ્ટાચાર અને જાસૂસીના એક કેસમાં કથિત રીતે સામેલ હોવા બદલ ધરપકડ કરવામાં આવ્યા હતા. ભારત સરકારે તેને ગંભીરતાથી લીધુ અને કતાર સાથે વાતચીત કરીને તેમને કાનૂની મદદ આપવામાં આવી. ૨૬ ઓક્ટોબરના રોજ કતારની એક કોર્ટે ૨૦૨૨ ઓગસ્ટમાં ધરપકડ કરાયેલા આ અધિકારીઓને મોતની સજા સંભળાવીજો કે ન તો કતાર એડમિનિસ્ટ્રેશન કે ન તો ભારત સરકારે આ અધિકારીઓ વિરુદ્ધના આરોપોના સાર્વજનિક કર્યા. જ્યારે મોતના સમાચાર વિશ્વપટલમાં ચર્ચામાં આવ્યા તો ભારતે નિર્ણયને ચોંકાવનારો ગણાવ્યો હતો અને આ મામલે તમામ કાનૂની વિકલ્પ સાથે જવાનો નિર્ણય કર્યો હતો. ગત વર્ષ ૧ ડિસેમ્બરના રોજ દુબઈમાં **COP28** શિખર સંમેલનના અવસરે પીએમ મોદી અને કતારના અમીર શેખ તમીમ બીન હમાદ અલ થાની વચ્ચે બેઠક બાદ પૂર્વ નેવી અધિકારીઓની સજા ઘટાડવામાં આવી હતી. કતારના અમીર સાથે મુલાકાત દરમિયાન પીએમ મોદીએ પૂર્વ અધિકારીઓનો મુદ્દો ઉઠાવ્યો હતો. પૂર્વ નેવી અધિકારીઓના મુદ્દે વિદેશમંત્રી એસ જયશંકરે પણ તેમને પરિવારના સભ્યો સાથે મુલાકાત કરી હતી અને તેમને દરેક શક્ય મદદનું આશ્વાસન આપ્યું હતું.

### વિશ્વકપની ફાઈનલમાં ભારતનો કારમો પરાજય

# ઓસ્ટ્રેલિયા સામે ભારતની હાર થતા ફેન્સના દિલ તૂટ્યા

## અન્ડર-૧૯ વિશ્વકપમાંપણ ઓસ્ટ્રેલિયા સામે હાર્યુંભારત, ફાઈનલમાં ૭૯ રને પરાજય થતા ફેન્સ નિરાશ

બિનોની, તા.૧૨

૧૯ નવેમ્બર ૨૦૨૩ના ઓસ્ટ્રેલિયાએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં વિશ્વકપની ફાઈનલમાં ભારતને કારમો પરાજય આપી અનેક ફેન્સના દિલ તોડી નાખ્યા હતા. હવે તેના ત્રણ મહિના બાદ ફરી વિશ્વકપ ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતને હારનો સામનો કરવો પડ્યો છે. હવે અન્ડર-૧૯ વિશ્વકપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ કમાલનું પ્રદર્શન કરતા ભારતીય ટીમનું ટાઈટલ જીતવાનું સપનું તોડી નાખ્યું છે. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતી પ્રથમ બેટિંગ કરતા ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૨૫૩ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમ ૧૭૪ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી અને તેણે ૭૯ રને હારનો સામનો કરવો પડ્યો છે. ઓસ્ટ્રેલિયા ચોથીવાર અન્ડર-૧૯ વિશ્વકપમાં વિજેતા બન્યું છે.

ઓસ્ટ્રેલિયાએ આપેલા લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ટીમ ઈન્ડિયાની શરૂઆત ખરાબ રહી હતી. અર્શિન કુલકર્ણી ૩ રન બનાવી કેલમ વિડલરનો શિકાર બન્યો હતો. ભારતે ધીમી શરૂઆત કરી અને પ્રથમ પાવરપ્લેમાં માત્ર ૨૮ રન બનાવ્યા હતા. ભારતને ૪૦ રનના સ્કોર પર મુશીર ખાનના રૂપમાં મોટો ઝટકો લાગ્યો હતો. મુશીર ૩૩ બોલમાં ૩ ચોગ્ગા સાથે ૨૨ રન બનાવી આઉટ થયો હતો. સેમીફાઈનલમાં ભારતને શાનદાર જીત અપાવનાર ઉદય સહારન અને સચિન ધસ પણ ફાઈનલમાં સારૂ પ્રદર્શન કરી શક્યા નહીં. ઉદય સહારન માત્ર ૮ રન બનાવી આઉટ થયો હતો. જ્યારે સચિન ધસ ૯ રન બનાવી આઉટ થયો હતો. ભારતે ૬૮ રનના સ્કોર પર ચાર વિકેટ ગુમાવી દીધી હતી. ભારતને પાંચમો ઝટકો પ્રિયાંશુ મોલિયાના રૂપમાં લાગ્યો હતો. મોલિયા ૨૧ બોલમાં ૯ રન બનાવી આઉટ થયો હતો.

ભારતીય ઓપનર આદર્શ સિંહે ખુબ ધીમી શરૂઆત કરી હતી. સિંહ શરૂઆતમાં સંઘર્ષ કરી રહ્યો હતો. પરંતુ તે ભારતની સાતમી વિકેટના રૂપમાં આઉટ થયો હતો. આદર્શ સિંહે ૭૭ બોલમાં ૪ ફોર અને ૧ સિક્સ સાથે ૪૭ રન બનાવ્યા હતા. તે બ્રેડમેનનો શિકાર બન્યો હતો. રાજ લિંબાણી શૂન્ય રન બનાવી આઉટ થયો હતો. મુરુગન અભિષેકે ૪૬ બોલમાં ૫ ચોગ્ગા અને ૧ સિક્સ સાથે ૪૨ રન બનાવ્યા હતા. સૌમ્ય પાંડે અંતિમ વિકેટના રૂપમાં આઉટ થયો હતો.

અન્ડર-૧૯ વિશ્વકપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરતા ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૨૫૩ રન બનાવ્યા હતા. આ અત્યાર સુધી રમાયેલા અન્ડર-૧૯ વિશ્વકપનો સૌથી મોટો સ્કોર છે. ઓસ્ટ્રેલિયા તરફથી હરજાસ સિંહે અડધી સદી ફટકારી હતી. સિંહે ૬૪ બોલમાં ૩ ફોર અને ૩ સિક્સ સાથે ૫૫ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી કેપ્ટન હ્યુજ વેઈબજેને પણ ૬૬ બોલમાં ૫ ચોગ્ગાની મદદથી ૪૮ રન ફટકાર્યા હતા. આ સિવાય ઓપનર હેરી ડિક્ષોને ૫૬ બોલમાં ૩ ચોગ્ગા અને ૧ સિક્સ સાથે ૪૨ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયન ટીમે પણ નિયમિત અંતરે વિકેટ ગુમાવી હતી. રોફ મેકમિલન ૨, અને વિકેટકીપર રેયાન હિક્સ ૨૦ રન બનાવી આઉટ થયા હતા. અંતિમ ઓવરોમાં ઓલિવર પીકે એક છેડો સાચવી ઓસ્ટ્રેલિયાનો સ્કોર ૨૫૦ને પાર પહોંચાડ્યો હતો. પીક ૪૩ બોલમાં ૨ ફોર અને ૧ સિક્સ સાથે ૪૬ રન બનાવી અણનમ રહ્યો હતો.

ભારત તરફથી રાજ લિંબાણીએ ૧૦ ઓવરમાં ૩૮ રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી. આ સિવાય નમન તિવારીને ૨ તથા મુશીર ખાન અને સૌમ્ય પાન્ડેને એક-એક વિકેટ મળી હતી.

### ૧૭મી લોકસભાનો કાર્યકાળ ૧૬ જૂનના રોજ પૂરો થશે

# ૧૮મી લોકસભાની ચૂંટણી એપ્રિલ કે મે મહિનામાં યોજાઈ શકે છે

## છેલ્લી લોકસભા ચૂંટણી એપ્રિલ-મે ૨૦૧૯માં યોજાઈ હતી

નવી દિલ્હી, તા.૧૨

હાલ દેશમાં લોકસભાની ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. જોકે અત્યાર સુધી ભારતના ચૂંટણી પંચે (**ECI**) આ અંગે કોઈ સત્તાવાર માહિતી આપી નથી પરંતુ શક્ય છે કે, ૧૮મી લોકસભાની ચૂંટણી એપ્રિલ કે મે મહિનામાં યોજાઈ શકે છે. ચૂંટણી પંચ ફેબ્રુઆરીના અંતિમ સપ્તાહ અથવા માર્ચના પ્રથમ સપ્તાહમાં ચૂંટણીની તારીખો જાહેર કરે તેવી અપેક્ષા છે. મહત્વનું છે કે, ૧૭મી લોકસભાનો કાર્યકાળ ૧૬ જૂન ૨૦૨૪ના રોજ પૂરો થઈ રહ્યો છે. છેલ્લી લોકસભા ચૂંટણી એપ્રિલ-મે ૨૦૧૯માં યોજાઈ હતી. ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (**BJP**)એ ૩૦૩ સીટો જીતી હતી, જ્યારે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (**NDA**)એ ૩૫૩ સીટો જીતી હતી અને નરેન્દ્ર મોદી બીજી વખત વડાપ્રધાન બન્યા હતા.એક ચર્ચા એવી પણ છે કે, અત્યાર સુધી ચૂંટણી પંચે ન તો ચૂંટણીની તારીખો અંગે કોઈ માહિતી આપી છે અને ન તો ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો છે પરંતુ એવું માનવામાં આવે છે કે, ૨૦૨૪માં ૭ તબક્કામાં ચૂંટણી યોજાઈ શકે છે. ૨૦૧૯માં ચૂંટણી ૭ તબક્કામાં પૂર્ણ થઈ હતી. એવી ધારણા છે કે, ગત વખતની જેમ આ વખતે પણ એપ્રિલમાં મતદાન થઈ શકે છે અને મે મહિનામાં પરિણામ જાહેર થઈ શકે છે. આ તરફ ૨૦૧૯ અને ૨૦૨૪ વચ્ચે વિપક્ષનું સ્વરૂપ બદલાયું છે. આ દરમિયાન દ્ઢછમાં સામેલ કેટલાક પક્ષો આ વખતે દ્ઢછ વિરુદ્ધ ઉભા જોવા મળશે. આ સિવાય ૨૦૧૯માં અલગ-અલગ ચૂંટણી લડનાર રાજકીય પક્ષો ભાજપના વિજય રથને રોકવા માટે એકસાથે ચૂંટણી લડી શકે છે.વિપક્ષના **INDIA** ગઠબંધનમાં કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, આમ આદમી પાર્ટી(**AAP**), દ્રવિડ મુનેત્ર કઝગમ (**DMK**) અને શિવસેના (ઉદ્ધવ જૂથ) સામેલ છે. જોકે આ પક્ષો વચ્ચે સીટની વહેંચણી પહેલા જ વિભાજનના અહેવાલો સામે આવી રહ્યા છે. વિપક્ષી એકતાના શિલ્પી ગણાતા બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પહેલા જ દ્ઢછમાં સામેલ થઈ ગયા છે. તે જ સમયે બંગાળના સીએમ મમતા બેનર્જી તમામ સીટો પર ચૂંટણી લડવાની તૈયારી કરી રહી છે, જ્યારે આમ આદમી પાર્ટીએ પણ પંજાબની તમામ સીટો પર એકલા હાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી છે.ભારતીય રાષ્ટ્રીય લોકશાહી સમાવિષ્ટ ગઠબંધન (**INDIA** ગઠબંધન) જે ભાજપની જીતને રોકવા માટે રચાયેલ છે, તેમાં કોંગ્રેસ, **CPM, DMK, CPE, RJD, JMM, NCP** (શરદ પવાર), શિવસેના (**UBT**), **SP**, આઝાદ. સમાજ પાર્ટી, **CPI (ML), AUML, KMDK, MKK, MDMK, VCK, JKPD, PWP** જેવા પક્ષોનો સમાવેશ થાય છે. બીજી તરફ, ભાજપ સિવાય ભાજપના નેતૃત્વ હેઠળના **NDA**માં **JDS, JDU, LJP**, શિવસેના (એકનાથ શિંદે), **NCP** (અજિત પવાર), **NPP, RLJP, HAM, AGP**, નિષાદ પાર્ટી, **MNF** અને અકાલી દળનો સમાવેશ થાય છે.

### હરિયાણામાં બની અસ્થાયી જેલો

# પોતાની માંગણીઓને લઈને પંજાબથી ટ્રેક્ટરો લઈને નીકળી પડ્યા કિસાન

## ખેડૂતો વ્યાસ પૂલથી ફતેહગઢ સાહિબ માટે રવાના : તેમની સાથે કિસાન મજૂર સંઘર્ષ કમિટીના નેતા સરવનસિંહ પંધેર છે

નવી દિલહી, તા.૧૨

કિસાન આંદોલનને લઈને પંજાબ અને હરિયાણામાં ખુબ હલચલ છે. દિલ્હી કૂચ કરતા રોકવા માટે હરિયાણા પોલીસે જબરદસ્ત સુરક્ષા બંદોબસ્ત કર્યો છે. હરિયાણા-પંજાબ બોર્ડર પર પોલીસે રસ્તાઓ ખોદી નાખ્યા છે. આ સાથે જ ખિલ્લા ને અન્ય બંદોબસ્ત કર્યા છે. હાલ હરિયાણાના ૧૫ જિલ્લાઓમાં કલમ ૧૪૪ લાગૂ છે. જ્યારે ૭ જિલ્લામાં ઈન્ટરનેટ સેવા બંધ કરાઈ છે. ચંડીગઢમાં ૬૦ દિવસ માટે કલમ ૧૪૪ લાગૂ છે. મળતી માહિતી મુજબ પંજાબથી ખેડૂતોની મૂવમેન્ટ શરૂ થઈ ગઈ છે. પંજાબથી મોટી સંખ્યામાં ખેડૂતો ટ્રેક્ટર ટ્રોલીઓ લઈને હરિયાણા બાજુ નીકળી પડ્યા છે. આ ખેડૂતો વ્યાસ પૂલથી ફતેહગઢ સાહિબ માટે રવાના થયા છે. તેમની સાથે કિસાન મજૂર સંઘર્ષ કમિટીના નેતા સરવન સિંહ પંધેર પણ છે. ખેડૂતોના આંદોલનના પગલે હરિયાણા સરકારે મોટું પગલું ભરતા સિરસામાં ચૌધરી દલબીર સિંહ ઈન્ડોર સ્ટેડિયમ અને ગુરુ ગોવિંદ સિંહ સ્ટેડિયમ ડબવાલીને અસ્થાયી જેલ બનાવ્યા છે. ખેડૂતોને અટકાયતમાં લીધા બાદ આ જેલોમાં શિફ્ટ કરવામાં આવી શકે છે. ખોટી અફવાઓ ફેલાવનારાઓને પણ હરિયાણા પોલીસે ચેતવણી આપી છે. રાજધાની દિલ્હીની સરહદો ઉપર પણ સુરક્ષાદળોની તૈનાતી સાથે કાંટાળા તાર લગાવવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ કિસાન મજદૂર મોરચા અને સંયુક્ત કિસાન મોરચા (બિનરાજકીય) ના ખેડૂતો પંજાબના અલગ અલગ વિસ્તારોથી કૂચ કરશે અને સોમવારે બપોર સુધીમાં તેમનો ફતેહગઢ સાહિબ પહોંચવાનો પ્લાન છે. આ ખેડૂતો પોતાની ૧૨ માંગણીઓને લઈને સરકારને ઘેરવા માંગે છે. જાણો આખરે આ ૧૨ માંગણીઓ કઈ છે.

૧. ખેડૂતોની પહેલી માંગણી છે ટેકાના ભાવ (**MSP**) ને લઈને કાયદો બનાવવામાં આવે જે ડો. સ્વામીનાથન કમીશનના રિપોર્ટ પર આધારિત હોય.

૨. ખેડૂતો અને મજૂરોનું સંપૂર્ણ દેવું માફ કરવામાં આવે. ૩. લખીમપુર ખીરી કાંડના આરોપીઓને સજા મળે અને ખેડૂતોને ન્યાય આપવામાં આવે. ૪. ભૂમિ અધિગ્રહણ બિલ ૨૦૧૩માં ફેરફાર કરવામાં આવે જેમાં ખેડૂતોની લેખિત સહમતિ અને કલેક્ટર રેટથી ચાર ગણા વળતરની જોગવાઈ કરવામાં આવે. ૫. ખેડૂતો અને મજૂરોને પેન્શન આપવામાં આવે. ૬. વિશ્વ વ્યાપાર સંગઠનથી અંતર જાળવવામાં આવે અને ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટને પ્રતિબંધિત કરવામાં આવે. ૭. દિલ્હી આંદોલન સમયે જીવ ગુમાવનારા ખેડૂતોના પરિવારોને વળતર આપવામાં આવે અને પરિવારના એક સભ્યને નોકરી આપવામાં આવે. ૮. એક વર્ષમાં ઓછામાં ઓછા ૨૦૦ દિવસના રોજગારની ગેરંટી આપવામાં આવે અને મનરેગા હેઠળ ૭૦૦ રૂપિયા મજૂરી આપવામાં આવે. ૯. વિદ્યુત સંશોધન વિધેયક ૨૦૨૦ને ખતમ કરવામાં આવે. ૧૦. મરચું, હળદર અને અન્ય મસાલાને લઈને એક રાષ્ટ્રીય સ્તરનું આયોગ બનાવવામાં આવે. ૧૧. ખરાબ બીજ, પેસ્ટિસાઈડ અને ખાતર બનાવનારી કંપનીઓને દંડ ફટકારવામાં આવે અને બીજની ગુણવત્તામાં સુધારો લાવવામાં આવે.

૧૨. કંપનીઓને આદિવાસીઓની જમીન પર કબજો કરતા રોકવામાં આવે. જળ જંગલ અને જમીનના અધિકારને સુનિશ્ચિત કરવામાં આવે. કિસાન મજૂર મોરચાના સંયોજક સરવન સિંહ પંઢેરે કહ્યું કે પંજાબના અલગ અલગ હિસ્સાઓમાંથી હજારો ટ્રેક્ટર નીકળશે. તેઓ સોમવાર બપોર સુધીમાં અડધુંઅંતર કાપશે. રસ્તાના કિનારે જ રાતે ખેડૂતો સૂઈ જશે. સરકાર સાથે ચર્ચાનું પરિણામ નિર્ધારિત કરશે કે આગળ શું કરવું છે. તેમણે કહ્યું કે ૧૦૦૦ ટ્રેક્ટર યુપીથી આવી રહ્યા છે. આ ઉપરાંત રાજસ્થાન અને હરિયાણાથી પણ ખેડૂતો કૂચ કરશે. અત્રે જણાવવાનું કે કેન્દ્ર સરકારે સરવન સિંહ પંઢેરને વાતચીત માટે સીધુ આમંત્રણ આપ્યું છે. એ સિવાય ભાકિયુ (એક્તા સિધૂપુર)ના અધ્યક્ષ જગજીત સિંહ ડલ્લેવાલને પણ બોલાવવવામાં આવ્યા છે. સોમવારે સાંજે ૫ વાગે ચંડીગઢમાં બીજા તબક્કાની બેઠક થવાની છે. જેમાં કેન્દ્રીય કૃષિમંત્રી અર્જૂન મુંડા, પીયૂષ ગોયલ, અને ગૃહરાજ્યમંત્રી નિત્યાનંદ રાય સામેલ થશે.

### વાતાવરણમાં અચાનક ઠંડી અનુભવાઈ રહી છે

# ગુજરાતમાં આ અઠવાડિયાથી જ ગરમીના દિવસો આવી જશે

## ૧૯થી ૨૨ના વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીનો અહેસાસ થશે : ઉનાળું પાકના વાવેતર માટે સાનુકુળ વાતાવરણ થતું જશે

અમદાવાદ, તા.૧૨,હાલ રાજ્યમાં ઉત્તર-પશ્ચિમી પવન ફૂંકાઈ રહ્યા છે. જેથી વાતાવરણમાં અચાનક ઠંડી અનુભવાઈ રહી છે. પરંતુ ઠંડી હવે ગણતરીના કલાકોની મહેમાન છે. ગુજરાતમાં આ અઠવાડિયાથી જ ગરમીના દિવસો આવી જશે. આ વર્ષે ભીષણ ગરમીની આગાહી હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ દ્વારા કરવામાં આવી છે. હજી તો ફેબ્રુઆરી મહિનો છે, પરંતુ એપ્રિલ, મે અને જુન મહિનો ગુજરાત માટે આકરો બની રહે છે. આમાં ગરમીનો પારો એટલો વધી જતો હોય છે કે લોકો કાળઝાળ ગરમીમાં શેકાય છે. ત્યારે આ વર્ષે કેવી ગરમી રહેશે તેની આગાહી અંબાલાલ પટેલે કરી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ આગાહી કરી છે કે ૧૩ ફેબ્રુઆરી સુધીમાં વહેલી સવારે અને રાતના ભાગોમાં તાપમાન ઘટશે. ૧૫થી ૧૬ ફેબ્રુઆરીના ફરી તાપમાન વધશે. ધીરે ધીરે ૧૫ ફેબ્રુઆરીથી ગરમીની શરુઆત થઈ હોય તેવું લાગશે. ૧૯થી ૨૨ ફેબ્રુઆરીના વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીનો અહેસાસ થશે. ઉનાળું પાકના વાવેતર માટે સાનુકુળ વાતાવરણ થતું જશે.અંબાલાલ પટેલે જણાવ્યું કે, આ વર્ષે આકરો ઉનાળો રહેશે. ૧૯-૨૪ ફેરબુઆરીથી જ ગરમી શરુ થઈ જશે. ફેબ્રુઆરીમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી ઉપર જશે. આ વર્ષનો ઉનાળો ઉનાળુ પાક માટે સાનુકૂળ રહેશે. ૪ માર્ચથી ગરમીમાં ઉતરોત્તર વધારો થશે. માર્ચ મહિનામાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેશે. ૨૦ એપ્રિલથી વધુ ગરમી પડશે. ૨૬ એપ્રિલથી મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી પાર જશે. ૧૧ મેથી કાળઝાડ ગરમી પડશે. તો તેમણે આગળ કહ્યું કે, મે મહિનામાં બંગાળની ખાડી અને અરબસાગરમાં હવાના હળવા દબાણ ઉભા થવાની શક્યતા છે. તેમજ ૪ જૂનથી પણ બંગાળની ખાડી અને અરબસાગરમાં હવાના હળવા દબાણ ઉભા થવાની શક્યતા છે. જો કે રાહતના સમાચાર એ છે કે, ભારે ગરમી સહન કર્યા બાદ ચોમાસુ સારું રહેશએ. અન નીનોનો પ્રભાવ ઘટી જતા આ વર્ષે ચોમાસુ સારું જવાની ધારણા છે. આ ફેબ્રુઆરીનો મહિનો કેરીના પાક માટે નુકશાનકારક હોવાનું આગાહીકાર અંબાલાલ પટેલની આગાહી છે. તેમણે કહ્યું કે, સૂર્યનું રાશિ બ્રહ્મણ કુંભ રાશિમાં સાયન મીન રાશિમાં અને ગ્રહો જળ દાયક નક્ષત્રમાં હોતા માર્ચની શરૂઆતમાં હવામાનમાં પલટો આવશે. ફેબ્રુઆરી મહિનામાં પવનની ગતિ વધુ રહેશે. જેના કારણે આંબાના મોર ખરી પડે તેવી શક્યતા છે. પવનની ગતિ ૧૫-૨૪ દ્વિ/૨ ની રહી શકે છે. જીરા જેવા પાકમાં રોગ આવવાની શક્યતા છે. ઉભા કૃષિ પાકો વળી જવાની શક્યતા છે. આવામાં ખેડૂતોએ સાવચેતીના પગલાં લેવા જરૂરી છે.

### જુનાગઢના ભવનાથના મેળા માટે સંતોની જાહેરાત

# ભવનાથ મેળામાં વિધર્મીઓની બગ્ગીમાં નહિ નીકળે રવેડી

## ભૂતનાથનાં મહંત મહેશગીરીજીની આગેવાની નીચે ભવનાથમાં વસ્ત્રાપથેશ્વર મહાદેવ મંદિરે એક બેઠકનું આયોજન

જુનાગઢ, તા.૧૨,૮ માર્ચના રોજ મહાશિવરાત્રીનો પર્વ છે. આ પર્વ શિવભક્તો માટે ખાસ ગણાય છે. ત્યારે જુનાગઢના ભવનાથનો મેળો ભક્તો માટે અનેરું મહત્વ ધરાવે છે. અહીં મહાશિવરાત્રીએ દૂરદૂરથી ભક્તો આવે છે. ત્યારે સાધુ સંતો દ્વારા શિવરાત્રિને મેળો લઈ ખાસ બેઠકનું આયોજન કરાયુ હતું. જેમાં મહાશિવરાત્રી મેળામાં સાધુ સંતોને થતી મુશ્કેલી, અન્નક્ષેત્રો ચલાવવામાં પડતી મુશ્કેલી, લોકોને થતી અગવડ અંગે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. વહીવટી તંત્રને સમસ્યાઓનો ઉકેલ કરવા નિર્ણય લેવાયો હતો. સાધુ સંતોના સૂચનોને જૂનાગઢના ધારાસભ્ય, મેયર, શહેર પ્રમુખ તેમજ અગ્રણીઓએ માન્ય રાખ્યા હતા. તેમજ કેટલાક મહત્વના નિર્ણયો પણ આ વર્ષના ભવનાથના મેળા માટે લેવામાં આવ્યા છે. અન્નક્ષેત્રોમાં સામાન માટે મેળામાં વાહનોની અવરજવર વધુ હોય છે, તેથી આ અવરજવર ઓછી થાય એ માટે નિર્ણય લેવાયો કે, સરકાર દ્વારા ટેમ્પરરી ગોડાઉન ઉભુ કરાશે. જેમાં ગેસ સિલિન્ડર, કાચી સામગ્રી, શાકભાજી મળી રહેશે. આ ઉપરાંત ઈમરજન્સી માટે ભવનાથથી બહાર સુધી જવા વૈકલ્પિક રસ્તો રાખવો. અધિકારીઓની ગાડી પરિવારો માટે વારંવાર આવજા ન કરે તેના પર ખાસ નજર રાખવામાં આવશે.આ ઉપરાંત મહંત મહેશગીરી બાપુએ જણાવ્યું કે, સાધુ સંતો વિધર્મી લોકોની બગીઓમાં બેસી રવેડીમાં નહિ નીકળે. આખા મેળામાં સ્પીકર મૂકી ધાર્મિક સંગીત જ વગાડવામાં આવશે. આ ઉપરાંત સાધુ સંતોએ કેટલીક માંગ કરી કે, મેળાની વ્યવસ્થા માટે કોઈ અનુભવી અધિકારીની નિમણુંક કરવામાં આવે. અન્નક્ષેત્રો અને ઉતારા મંડળમાં યોગ્ય પોલીસ સુરક્ષા આપવામાં આવે. તેમજ ભવનાથના મેળા દરમિયાન યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સ્થાનિક કલાકારોને બોલાવવામાં આવે. આ ઉપરાંત 'આઈ લવ girnar' નામે સેલ્ફી પોઈન્ટ બનાવવામાં આવે છે. જેથી ભવનાથમાં આવનારા ભક્તો તેનો લાભ લઈ શકે. કુંભ મેળાની જેમ સાધુ સંતોનું ભવ્ય સ્વાગત કરવામાં આવે. તેમજ પાણી, સ્વચ્છતા અને ટોઈલેટની સુવિધા ઠેર ઠેર ઊભી કરવામાં આવે જેથી ગંદકી ન ફેલાય. આમ, સાધુ સંતોની આ પ્રકારની માંગો અને અપેક્ષાઓને વહીવટી તંત્ર સુધી પહોંચાડવા સત્તાધીશોએ બાંહેધરી આપી હતી.

### બરફવર્ષાને કારણે જોવા મળ્યો નયનરમ્ય નજારો

# હિમાચલ પ્રદેશમાં થયેલી હીમવર્ષાથી ખીલી સુંદરતા

## હિમાચલપ્રદેશમાં બર્ફવર્ષાને કારણે પ્રવાસીઓની સંખ્યા સતત વધી રહી છે : લોકો સ્નોફોલની મજા માણી રહ્યાં છે

શિમલા, તા.૧૨

જ્યાં મોટી સંખ્યામાં દર વર્ષે પ્રવાસીઓ પહોંચતા હોય છે તે હિમાચલ પ્રદેશમાં હાલ રમણીય સૌંદર્ય જોવા મળી રહ્યું છે. બરફવર્ષાને કારણે પહાડોએ જાણે સફેદ ચાદર ઓઢી લીધી છે. તો પર્યટકો મનભરીને મસ્તી કરતાં જોવા મળી રહ્યા છે.હિમાચલ પ્રદેશમાં ઉંચાઈવાળા વિસ્તારોમાં લાંબા સમય પછી થયેલી બરફવર્ષા થઈ છે. સ્નોફોલને કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. હિમાચલના કુફરીમાં પણ બરફવર્ષાને કારણે હવામાન ઠંડક પ્રસરી ગઈ છે. ચારે બાજુ બરફ અને વચ્ચે આનંદ ઉઠાવતા પર્યટકો જોવા મળી રહ્યા છે. મોટી સંખ્યામાં દેશના વિવિધ રાજ્યોના સહેલાણીઓ કુફરીમાં બરફનો આનંદ કરવા માટે પહોંચ્યા છે. જાન્યુઆરીમાં હિમાચલમાં કંઈ ખાસ બરફવર્ષા થઈ નહતી. પરંતુ જાન્યુઆરી પછી ફેબ્રુઆરી માસમાં જોરદાર સ્નોફોલ થયો તેના કારણે સમગ્ર વાતાવરણ ખીલી ઉઠ્યું. બહારના રાજ્યથી આવેલા પર્યટકો લાંબા સમયથી બરફ વર્ષાનો ઈન્તજાર કરી રહ્યા હતા. પરંતુ ક્યાંય બરફ પડી રહ્યો નહતો. પરંતુ જેવો સ્નોફોલ શરૂ થયો તેની સાથે જ મોટી સંખ્યામાં સહેલાણીઓ કુફરીમાં ઉમટી પડ્યા અને સ્નોફોલનો આનંદ ઉઠાવા લાગ્યા....

કુફરી એક પર્યટન સ્થળ છે જ્યાં દર વર્ષે હજારોની સંખ્યામાં પ્રવાસીઓ આવે છે. આ વર્ષે પણ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટ્યા છે. અને હજુ પણ પ્રવાસીનો ધસારો સતત ચાલુ જ છે. તો હવામાન વિભાગે ઠંડીનો ચમકારો વધવાની પણ આગાહી કરી છે. જેના કારણે કુફરી જ નહીં પરંતુ આસપાસના અનેક ઉંચાઈવાળા ક્ષેત્રોમાં બરફ જ બરફ જોવા મળી શકે છે. હાલ પહાડોએ સફેદ ચાદર ઓઢી હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. જેના કારણે પર્યટકો ખુશ છે, સાથે સાથે સ્થાનિક વેપારીઓના પણ ચહેરા ખીલી ઉઠ્યા છે. હિમાચલના પહાડી વિસ્તારોમાં હાર્ટથીજવતી ઠંડી પડી રહી છે. જ્યારે મેદાની વિસ્તારમાં વરસાદ જોવા મળી રહ્યો છે. તો વહેલી સવારે વાતાવરણમાં એટલું ધુમ્મસ છવાઈ જાય છે. વીઝીબિલીટી સાવ ઝીરો થઈ જાય છે. હવામાન વિભાગની આગાહી મુજબ હજુ પણ ઠંડી વધવાની સંભાવના છે. તેને જોતા સ્થાનિક લોકોએ થોડી વધારે મુશ્કેલીનો સામનો કરવો પડે તો નવાઈ નહીં.

### નવમી વખત મુખ્યપ્રધાન બનવામાં નીતિશ સફળ

# નીતિશ કુમારે ૧૨૯ સભ્યોના સમર્થનથી વિશ્વાસનો મત જીત્યો

## નીતીશના ફ્લોર ટેસ્ટ દરમિયાન વિપક્ષે વોકઆઉટ કર્યું

પટના, તા.૧૨

નીતીશ કુમાર ફરી એનડીએમાં જોડાઈ ગયા બાદ બિહારના ૯મી વખત મુખ્યમંત્રી બની જવામાં સફળ રહ્યા હતા. ત્યારે હવે આજે વિધાનસભામાં તેમની સરકારે વિશ્વાસ મત મેળવી લીધો છે. નીતીશ સરકારે ફ્લોર ટેસ્ટમાં જીત મેળવી છે. એનડીએને ૧૨૯ મત મળ્યા છે. નીતીશ સરકારને બહુમત હાંસલ થયો છે.

નીતીશ કુમારના ફ્લોર ટેસ્ટ દરમિયાન વિપક્ષે વૉકઆઉટ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે વિપક્ષમાંથી આરજેડીના કેટલાક ધારાસભ્યો સત્તાપક્ષની તરફેણમાં થઈ જતાં નીતીશ કુમારની જીત સ્પષ્ટ દેખાઈ રહી હતી. જેના પગલે તેમને ફાયદો પણ થયો અને વિપક્ષને પોતાની હાર દેખાતા તેમણે વૉકઆઉટ કરી લીધું હતું.

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે વિધાનસભામાં રજૂ કરાયેલા વિશ્વાસ પ્રસ્તાવનો જવાબ આપતા કહ્યું હતું કે, 'અમે વિકાસ માટે અને લોકોના હિતમાં કામ કરવાનું ચાલુ રાખીશું. ૨૦૨૧માં સાત સંકલ્પો શરૂ કર્યા, આજે કેટલો ફાયદો થયો છે. આપણે બધાએ તેને ચાલુ રાખ્યું છે. બિહારનો વિકાસ થશે. સમાજના દરેક વર્ગનું ધ્યાન રાખશે. આ લોકોનું જે પણ થશે. અમે આ લોકોને માન આપ્યું અને અમને ખબર પડી કે આ લોકો ફક્ત કમાણી કરે છે. આજ સુધી, જ્યારે આ પાર્ટી અમારી સાથે હતી, ત્યારે અમે ક્યારેય આમ તેમ ન કર્યું. પૈસા ક્યાંથી આવ્યા અમે તપાસ કરાવીશું.'

બિહારમાં અવધ બિહારી ચૌધરીને વિધાનસભા સ્પીકર પદેથી હટાવવાનો પ્રસ્તાવ ધ્વનિ મતથી પસાર કરાયો હતો. આ પ્રસ્તાવ પર વોટિંગ પણ થઈ અને તેના પછી સ્પીકરની તરફેણમાં ૧૨૫ અને વિરુદ્ધમાં ૧૧૨ મત પડ્યા હતા.

સમ્રાટ ચૌધરીની પાઘડી વિશે તેજસ્વીએ કહ્યું કે, 'તેમને અમાર કાકાએ પાઘડી ઉતારવાની સલાહ આપી હશે. સમ્રાટ ચૌધરીના પિતા અમારી પાર્ટીમાં રહ્યા છે, તેમણે નીતિશ વિશે શું કહ્યું છે તે અમે જણાવવા માંગતા નથી. બિહારના બાળકોને પૂછો કે તેઓ કયા શબ્દોનો ઉપયોગ કરશે, અમે તે કહી શકતા નથી. શું મોદીજી એવી ગેરંટી આપશે કે નીતીશ ફરી ગુલાંટ નહીં મારે?'

### કોંગ્રેસની યાત્રા ૨૦ માર્ચે પૂરી થવાની હતી

# રાહુલના નેતૃત્વ હેઠળની ભારત જોડો ન્યાય યાત્રા ટૂંકાવી દેવાશે

## યાત્રા હવે તે ૧૦ થી ૧૪ માર્ચની વચ્ચે સમાપ્ત થઇ શકે છે એટલે કે તેના નક્કી કાર્યક્રમથી ૮થી ૧૦ દિવસ પહેલાં

નવી દિલ્હી, તા.૧૨

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીના નેતૃત્વમાં ચાલી રહેલી ભારત જોડો ન્યાય યાત્રા તેના નિર્ધારિત સમય પહેલા જ સમાપ્ત થઈ શકે છે. અહેવાલ અનુસાર રાહુલ ઉત્તરપ્રદેશમાં તેમની યાત્રાનો સમય ઘટાડશે. તેઓ યુપીના ઘણા ક્ષેત્રોને આ યાત્રાથી બાકાત રાખી શકે છે. જેમાં મોટાભાગે પશ્ચિમ ઉત્તરપ્રદેશના જિલ્લાઓને પડતા મૂકવામાં આવી શકે છે. અગાઉના કાર્યક્રમ મુજબ, રાહુલ ગાંધીની આ યાત્રા ૨૦ માર્ચે મુંબઈમાં પૂરી થવાની હતી પરંતુ હવે તે ૧૦ થી ૧૪ માર્ચની વચ્ચે સમાપ્ત થઈ શકે છે એટલે કે તેના નક્કી કાર્યક્રમથી ૮થી ૧૦ દિવસ પહેલાં.

અત્યાર સુધી સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર રાહુલ ગાંધી ઉત્તરપ્રદેશમાં ભારત જોડો ન્યાય યાત્રા દરમિયાન અનેક વિસ્તારોને બાકાત રાખી શકે છે. પાર્ટીના આંતરિક સૂત્રોનું પણ કહેવું છે કે યાત્રા નિર્ધારિત સમય કરતાં ઓછામાં ઓછા એક અઠવાડિયા પહેલા સમાપ્ત થશે. હવે આ યાત્રા લખનઉથી અલીગઢ અને પછી આગ્રા જશે. જેમાં પશ્ચિમ યુપીના કેટલાક જિલ્લાઓને છોડી દેવાશે. ત્યારબાદ ભારત જોડો ન્યાય યાત્રા મધ્યપ્રદેશ તરફ રવાના થઈ જશે.

ખાસ વાત એ છે કે ઈન્ડિયાગઠબંધનના ભાગીદાર રાષ્ટ્રીય લોકદળ એટલે કે જયંત ચૌધરીની આરએલડી પશ્ચિમ યુપીમાં નોંધપાત્ર હાજરી ધરાવેછે. એવા અહેવાલો છે કે આરએલડી હવે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) નો ભાગ બની શકે છે. હાલમાં આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી. આ પહેલા બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પણ વિપક્ષી ગઠબંધન છોડીને એનડીએમાં જોડાયા હતા.જો કે કોંગ્રેસના સૂત્રોને ટાંકીને અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે યુપીમાં યાત્રા ઘટાડવાનું કારણ આરએલડી સાથે સંબંધિત રાજકીય ઘટનાક્રમ નથી. એક નેતાએ કહ્યું, 'અમે યાત્રાને ધીમી કરવા માંગીએ છીએ જેથી રાહુલ ગાંધીને રસ્તામાં જૂથો સાથે વાતચીત કરવાની તક મળે.' આ સિવાય એવું કહેવામાં આવી રહ્યું છે કે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા, જેમણે અત્યાર સુધી યાત્રામાં ભાગ લીધો નથી તેઓ પણ યુપી તબક્કા દરમિયાન યાત્રામાં સામેલ થઈ શકે છે. હાલમાં આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી.

### કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રા છત્તીસગઢ પહોંચી

# દેશનું તંત્ર માત્ર 3-4 લોકો માટે ચલાવવામાં આવી રહ્યું છેઃ રાહુલ

## જનતા પર મોંઘવારીનું ભારણ છે, આ જ આર્થિક અન્યાય હોવાનો કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીનો આક્ષેપ

કોરબા, તા.૧૨

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની 'ભારત જોડો ન્યાય યાત્રા' છત્તીસગઢ પહોંચી છે. તેમની યાત્રાની શરૂઆત મણિપુરથી થઈ હતી જે મુંબઈમાં સમાપ્ત થશે. આ યાત્રા બિહાર, ઝારખંડ, ઓડિશા થઈને છત્તીસગઢ પહોંચી છે. ત્યારે છત્તીસગઢમાં રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, આ સરકાર માત્ર થાળી વગાડે છે.

રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, બીજેપી સરકારે નોટબંધી અને ત્યારબાદ જીએસટી લાગુ કરી. સરકારના આ નિર્ણયોના કારણે નાના વેપારી તબાહ થઈ ગયા. તેમણે આરોપ લગાવ્યો કે, દરેક સેટકટરને કેટલાક લોકોમાં વહેંચવામાં આવી રહ્યા છે. રાહુલે કહ્યું કે, દેશમાં પાવર, ડિફેન્સ, હેલ્થ, રિટેલ, એરપોર્ટ આમ દરેક



ઈન્ડસ્ટ્રીમાં પસંદ કરાયેલા લોકો છે. એનો અર્થ એ કે, દેશનું તંત્ર માત્ર ૩-૪ લોકો માટે ચલાવવામાં આવી રહ્યું છે, બાકીની જનતા પર મોંઘવારીનું ભારણ છે. આ જ આર્થિક અન્યાય છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે, દેશમાં પછાત વર્ગના ૫૦%, દલિત ૧૬% અને આદિવાસી ૮% છે. તેમની તમામ મહેનતની કમાણી મૂડીવાદીઓની કંપનીઓમાં જાય છે, જ્યારે તેમની કંપનીઓમાં કોઈ દલિત અને પછાત લોકો નથી. રાહુ ગાંધીએ કહ્યું કે, દેશના અલગ-અલગ સેક્ટરમાં દલિત-પછાતની ભાગીદારી નથી. બીજેપી હિન્દુ રાષ્ટ્રની વાત કરે છે જ્યારે પછાત, દલિત અને આદિવાસી વર્ગને કંઈ નથી મળી રહ્યું. રામ મંદિર ઉદ્ઘાટનના સમયે પણ એક પણ ગરીબ-મજૂર ખેડૂત નજર ન આવ્યો. લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે 'ભારત જોડો ન્યાય યાત્રા' શરૂ કરી છે. પાર્ટીનું કહેવું છે કે આ યાત્રાનો હેતુ લોકોને ન્યાય આપવાનો છે. અગાઉ ભારત જોડો યાત્રા દક્ષિણમાં કન્યાકુમારીથી શરૂ થઈ હતી અને ઉત્તરમાં કાશ્મીરમાં સમાપ્ત થઈ હતી. જોકે, આ વખતે યાત્રા ઉત્તર-પૂર્વીય રાજ્ય મણિપુરથી શરૂ થઈ છે જે માર્ચમાં મુંબઈમાં સમાપ્ત થશે. પાર્ટી આ યાત્રા દ્વારા પોતાનો જનાધાર મજબૂત કરી રહી છે.

### કોંગ્રેસને મહારાષ્ટ્રમાં વધુ એક ફટકો

# ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અશોક ચવ્હાણનું કોંગ્રેસમાંથી રાજીનામું

## અશોક ચવ્હાણ ભાજપમાં જોડાઈ જશે તો તેમને ભાજપ દ્વારા રાજ્યસભામાં મોકલવામાં આવી શકે છે

મુંબઈ, તા.૧૨

મહારાષ્ટ્રમાં કોંગ્રેસની મુસીબત ઘટવાનું નામ નથી લઈ રહી. હવે વધુ એક મોટા નેતાએ રાજીનામું આપ્યાના સમાચાર મળી રહ્યાં છે. માહિતી અનુસાર કોંગ્રેસ વતી રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી રહી ચૂકેલા દિગ્ગજ નેતા અશોક ચવ્હાણે રાજીનામું આપી દીધું છે. તેમણે વિધાનસભા સ્પીકરને રાજીનામું સોંપી દીધો હોવાના અહેવાલ છે. હવે તેઓ ભાજપમાં જોડાશે તેવી શક્યતા છે.

અશોક ચવ્હાણ હવે રાજીનામું આપ્યા બાદ ભાજપના કાર્યાલયે જશે અને વિધિવત રીતે તેઓ ભાજપમાં જોડાઈ શકે છે. ઉલ્લેખનીય છે કે મિલિંદ દેવડા, બાબા સિદિકી બાદ હવે અશોક ચવ્હાણનો પાર્ટી છોડવાનો નિર્ણય કોંગ્રેસ માટે મોટા ઝટકા સમાન સાબિત થઈ શકે છે. તેમણે પ્રદેશ અધ્યક્ષ નાના પટોલેને મોકલેલા પત્રમાં કોંગ્રેસના પ્રાથમિક સભ્ય પદેથી પણ રાજીનામું આપી દીધાની જાહેરાત કરી છે.

આ દરમિયાન એવા પણ કેટલાક અહેવાલ છે કે જો અશોક ચવ્હાણ ભાજપમાં જોડાઈ જશે તો તેમને ભાજપ દ્વારા રાજ્યસભામાં મોકલવામાં આવી શકે છે. અશોક ચવ્હાણ સાથે કોંગ્રેસના અન્ય કેટલાક ધારાસભ્યો પણ પાર્ટી છોડવાની તૈયારી કરી રહ્યા હોવા તેવા પણ સંકેત છે.

### દરેક જગ્યાએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ચર્ચા

# મેટા એઆઈની મદદથી ઈમેજ બનાવવા માટે નવું ફિચર લાવશે

## ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને થ્રેડના યુઝર્સ જાણી શકશે કે ઈમેજ એઆઇ દ્વારા બનાવવામાં આવી છે કે નહિ

નવી દિલ્હી, તા.૧૨

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ચર્ચા હાલ દરેક જગ્યાએ થઈ રહી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અથવા એઆઈને લઈને દરેક ક્ષેત્રમાં વિવિધ પ્રકારના પ્રયોગો થઈ રહ્યા છે. ધીમે ધીમે દરેક કંપની પોતાની સર્વિસમાં એઆઈનો ઉપયોગ શરુ કરી રહી છે. જેમાં ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપની પેરેન્ટ કંપની મેટા પણ આ બાબતે પોતાનો હાથ અજમાવી રહી છે. લાંબા સમયથી મેટા તેની સેવાઓ માટે એઆઈટેક્નોલોજી પર કામ કરી રહી છે.

હાલના સમયમાં એઆઈ ઈમેજ જનરેશન ટૂલ્સની વધતી જતી લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને મેટા યુઝર્સને તેના પ્લેટફોર્મમાં આ સુવિધા આપવા માટે લાંબા સમયથી તેના પર કામ કરી રહી છે. ટૂંક સમયમાં મેટા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ની મદદથી ઈમેજ બનાવવા માટે એક નવું ફિચર લાવી શકે છે.

ગૂગલ, માઈક્રોસોફ્ટ અને અન્ય એઆઈ ઈમેજ જનરેટિંગ પ્લેટફોર્મ સાથે લેબલવાળી એઆઈ ઈમેજ જનરેટ કરવા માટે એક ફિચરની પણ મેટા યોજના બનાવી રહ્યું છે. જેની મદદથી ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને થ્રેડના યુઝર્સ જાણી શકશે કે ઈમેજ એઆઈ દ્વારા બનાવવામાં આવી છે કે નહિ.

### ભારતીય હાઈ કમિશને જાહેરાત કરી

# યુપીઆઈ હવે શ્રીલંકા અને મોરેશિયસમાં પણ ચાલશે

નવી દિલ્હી, તા.૧૨

હવે ભારતની ઓનલાઈન બેંકિંગ ટ્રાન્સફર સિસ્ટમ યુપીઆઈ એટલે કે યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ ફ્રાન્સ, શ્રીલંકા અને મોરેશિયસમાં પણ ચાલશે. આ બાબતની જાહેરાત ભારતીય હાઈ કમિશને દ્વારા ૧૧મી ફેબ્રુઆરીએ કરવામાં આવી હતી. આજે ૧૨મી ફેબ્રુઆરીએ પીએમ મોદી શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે અને મોરેશિયસના વડા પ્રધાન પ્રવિંદ જુગનાથની હાજરીમાં બપોરે ૧ વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા શ્રીલંકા-મોરેશિયસમાં યુપીઆઈના લોન્ચ કરી.

આ પ્રક્ષેપણ અંગેની માહિતી વિદેશ મંત્રાલયે રવિવારે એક પ્રેસ રિલીઝ જારી કરીને શેર કરી હતી. શ્રીલંકા અને મોરેશિયસમાં યુપીઆઈ સેવાઓ શરૂ થયા બાદ બંને દેશોના લોકો પોતપોતાના સ્થળોએ તેનો ઉપયોગ કરી શકશે. આ ઉપરાંત ભારતથી મોરેશિયસ અને શ્રીલંકા જતા પ્રવાસીઓ અને ત્યાંથી ભારત આવતા પ્રવાસીઓ પણ આના દ્વારા પેમેન્ટ કરી શકશે. માત્ર યુપીઆઈ જ નહીં, પણ રૂપેકાર્ડ સેવા પણ મોરેશિયસમાં શરૂ કરવામાં આવશે.

વર્ષ ૨૦૧૬ માં નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) દ્વારા સંચાલિત યુપીઆઈ સેવાની શરૂઆત કરવામાં આવી હતી. જેના કારણે ઓનલાઈન પેમેન્ટ ખૂબ જ સરળ બન્યું છે.

આઈએમપીએસમોડલથી વિકસાવવામાં આવેલ યુપીઆઈ સરળ રીતે સીધા બેંક ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવાની સુવિધા પૂરી પાડે છે. શ્રીલંકા અને મોરેશિયસ પહેલા યુપીઆઈ સુવિધા ફ્રાન્સ, સિંગાપોર, યુએઈ, નેપાળ અને ભૂતાનમાં સક્રિય છે.

# ફ્લોર ટેસ્ટ પહેલાં આરજેડી-ઈન્ડિયા ગઠબંધનના સાથીઓ ક્રિકેટ રમ્યા

## ભાજપ, રાષ્ટ્રીય જનતા દળ, જનતા દળ યુનાઈટેડ, કોંગ્રેસ જેવા તમામ રાજકીય પક્ષોએ તેમના ધારાસભ્યોની વાડાબંધી

પટના, તા.૧૨

બિહારમાં આજે નીતીશ કુમાર સરકારે ફ્લોર ટેસ્ટમાંથી પસાર થયું છે. તમામ નજરો આજે એચએએમના ધારાસભ્યો પર હતી. નીતીશ કુમાર મહાગઠબંધનની સરકારમાંથી છેડો કરીને તાજેતરમાં જ એનડીએમાં જોડાઈ ગયા હતા અને આજે તેમની સરકારનું ફ્લોર ટેસ્ટ હતો. જેને લઈને બિહારનું રાજકારણ ગરમાયું હતું. ભાજપ, રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી), જનતા દળ યુનાઈટેડ (જેડીયુ), કોંગ્રેસ જેવા તમામ રાજકીય પક્ષોએ તેમના ધારાસભ્યોની વાડાબંધી કરી રાખી હતી જેથી કરીને કોઈ વોટ ના તોડી શકે.

આ સૌની વચ્ચે સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં બિહારના પૂર્વ ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવનો નિવાસ દેખાય છે જ્યાં આરજેડી અને ઈન્ડિયાગઠબંધનના સાથીઓ ક્રિકેટ રમતાં દેખાઈ રહ્યા છે. એવું લાગે છે કે નીતીશ કુમાર સરકારના ફ્લોર ટેસ્ટ પહેલાં આરજેડી, કોંગ્રેસના નેતાઓ હળવા મૂડમાં હતા.

### સેન્સેક્સમાં ૫૨૩ અને નિફ્ટીમાં ૧૬૬ પોઈન્ટનું ગાબડું

# સપ્તાહના પહેલા જ દિવસે માર્કેટ વેલ્યૂમાં ૭.૫૮ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો

## શેરબજારમાં કોલ ઈન્ડિયા, હીરો મોટોકોર્પ, ઓએનજીસી, ટાટા સ્ટીલ, એનટીપીસી અને એસબીઆઈના બીપીસીએલ શેર નબળાઈ પર બંધ થયા

મુંબઈ, તા.૧૨

ભારતીય શેર બજારના રોકાણકારો માટે આ અઠવાડિયે પહેલું ટ્રેડિંગ સત્ર ખુબ જ નિરાશાજનક રહ્યું છે. મિડ કેપ અને સ્મોલ કેપ સ્ટોક માટે આજનું સત્ર બ્લેક મંડે સાબિત થયું છે. આજે ટ્રેડિંગમાં બેંકિંગ સ્ટોક્સમાં પણ ખુબ વેચાણ જોવા મળ્યું છે. ટ્રેડિંગ ખતમ થવા પર બીએસઈ સેન્સેક્સ ૫૨૩ પોઈન્ટના ઘટાડા સાથે ૭૧,૦૭૨ પોઈન્ટ પર બંધ થયો છે જ્યારે એનએસઈનું નિફ્ટી ૧૬૬ પોઈન્ટના ઘટાડા સાથે ૨૧,૬૧૬ પોઈન્ટ પર ક્લોઝ થયું છે.

આજે ટ્રેડમાં મિડ કેપ અને સ્મોલ કેપ સ્ટોક્સમાં સુનામી જોવા મળી છે. નિફ્ટીનું મિડ કેપ ઈન્ડેક્સ ૧૨૧૩ અને નિફ્ટનું સ્મોલ કેપ ઈન્ડેક્સ ૬૫૨ પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયું છે. જ્યારે બીએસઈમિડ કેપ ૧૦૩૮ અને બીએસઈસ્મોલ કેપ ૧૪૪૩ પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો છે. આ સિવાય બેંક શેરોમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો છે. નિફ્ટી બેંક ઈન્ડેક્સ ૭૫૨ પોઈન્ટ ઘટીને ૪૪,૮૮૨ પોઈન્ટ પર બંધ થયું છે. નિફ્ટી પીએસયૂ ઈન્ડેક્સ ૩૦૮ ટકા ઘટીને બંધ થયું છે. આ સિવાય એફએમસીજી, મેટલ્સ, એનર્જી, મીડિયા, રિયલ એસ્ટેટ, કન્ઝ્યૂમર ડ્યૂરેબલ્સ અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેર ઘટીને બંધ થયા. માત્ર હેલ્થકેર, ફાર્મા અને આઈટી સ્ટોક્સમાં તેજી જોવા મળી.

શેર બજારમાં આ ઘટાડાને લઈને બજારમાં લિસ્ટેડ કંપનીઓમાં માર્કેટ વેલ્યૂમાં મોટો ખાડો પડ્યો છે. આજે ટ્રેડિંગ પૂર્ણ થવા પર બીએસઈપર લિસ્ટે કંપનીઓનું માર્કેટ કેપ ઘટીને ૩૭૮.૮૫ લાખ કરોડ રૂપિયા પર બંધ થયું છે જે છેલ્લા ટ્રેડિંગ સત્રમાં ૩૬૮.૪૩ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. આજના ટ્રેડમાં બજારના માર્કેટ વેલ્યૂમાં ૭.૫૮ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો આવ્યો છે.

સોમવારે શેરબજારમાં નોંધપાત્ર નબળાઈ નોંધાઈ હતી અને બીએસઈસેન્સેક્સ ૫૨૩ પોઈન્ટ ઘટીને ૭૧૦૭૨ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૬૬ પોઈન્ટ ઘટીને ૨૧૬૧૬ પોઈન્ટના સ્તરે બંધ થયો છે. સોમવારે શેરબજારના કામકાજમાં નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈસ્મોલ કેપ, નિફ્ટી બેંક સહિત નિફ્ટી ઓટો અને નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસિસની સાથે નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સમાં નબળાઈ નોંધાઈ હતી. નિફ્ટી આઈટી અને નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સ વધીને બંધ થયા છે.

જો આપણે શેરબજારના કામકાજમાં વધારો દર્શાવનાર કંપનીઓના શેર વિશે વાત કરીએ તો, ડૉ. રેડ્ડીઝ, અપોલો હોસ્પિટલ, ડિવિઝ લેબ, વિપ્રો, એચસીએલ ટેક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને એલટીઆઈ માઈન્ડટ્રીના શેરમાં વધારો નોંધાયો હતો. કોલ ઈન્ડિયા, હીરો મોટોકોર્પ, ઓએનજીસી, ટાટા સ્ટીલ, એનટીપીસી અને એસબીઆઈના બીપીસીએલ શેર નબળાઈ પર બંધ થયા હતા. સોમવારે શેરબજારમાં ટ્રેડિંગ દરમિયાન ઓરિએન્ટ ઈલેક્ટ્રિક, શારદા ક્રોપ કેમ, દીપક ફર્ટિલાઈઝર્સ, પોલીપ્લેક્સ કોર્પ અને વિનતી ઓર્ગેનિક્સના શેર ૫૨ સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. સોમવારે શેરબજારની નબળી કામગીરી વચ્ચે ગૌતમ અદાણી ગ્રૂપની ૧૦ લિસ્ટેડ કંપનીઓમાંથી બેના શેરમાં નજીવો વધારો નોંધાયો હતો જ્યારે આઠ કંપનીઓના શેર નુકસાનમાં બંધ થયા હતા. સોમવારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, નેસ્લે ઈન્ડિયા અને યુપીએલના શેરમાં થોડો વધારો નોંધાયો હતો, જ્યારે એશિયન પેઈન્ટ્સ, જિયો ફાઈનાન્શિયલ, ટાટા મોટર્સ, એચડીએફસી બેંક, હિન્દુસ્તાન ઝિંક, આઈસીઆઈસીઆઈ બેંક, કોટક મહિન્દ્રા બેંક, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ, ઓએનજીસી, ઓમ ઈન્ફ્રા, એનએમડીસી. ઉર્જા ગ્લોબલ, બ્રાન્ડ કોન્સેપ્ટ, પટેલ એન્જિનિયરિંગ અને પંજાબ એન્ડ સિંધ બેંકના શેરમાં નબળાઈ નોંધાઈ હતી.

સોમવારે, શેરબજારમાં નબળાઈના સમયગાળા દરમિયાન પણ, સર્વોટેક પાવર સિસ્ટમના શેર ૪.૯૮ ટકાની ઉપલી સર્કિટને અથડાયા હતા. સોમવારે શેરબજારમાં નબળાઈના સમયગાળા દરમિયાન પેટીએમ, આઈટીસી, ગેઈલ, ગલ્ફ ઓઈલ, આઈઓસી, સ્પાઈસજેટ, કજરિયા સિરામિક્સ, આઈઆરઈડીએ, હજૂર મલ્ટી પ્રોજેક્ટ્સ, પીએનબી અને એલઆઈસીના શેરમાં નબળાઈ નોંધાઈ રહી છે.

### પાકિસ્તાનમાં ચૂંટણી બાદ ત્રિશંકુ સ્થિતિ સર્જાઇ

# ઈમરાન સમર્થિત ઉમેદવારોનો ૧૦૧ બેઠક પર વિજય થયો

## શરીફની પાર્ટીને ૭૫ બેઠકો, ઝરદારીને ૫૪ બેઠકો અને ભારતથી આવેલા ઉમેદવારોને ૫૪ બેઠકો મળી

ઈસ્લામાબાદ, તા.૧૨

પાકિસ્તાન ચૂંટણી પરિણામો ૨૦૨૪ જેલમાં બંધ ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાન દ્વારા સમર્થિત અપક્ષ ઉમેદવારોએ સૌથી વધુ બેઠકો જીતી અને સરકાર બનાવવા માટે સાથી પક્ષો માટે પણ પ્રયાસો કરી રહ્યા છે. વિધાનસભાની કુલ ૩૩૬ બેઠકોમાંથી ૨૬૪ બેઠકો માટે ઉમેદવારો મેદાનમાં હતા. તેમાં ૭૦ અનામત બેઠકો પણ છે. પાકિસ્તાન નેશનલ એસેમ્બલીમાં શું થશે અને પાકિસ્તાનમાં આગામી સરકાર કેવી રીતે રચાશે એ જાણવું રસપ્રદ રહેશે. પાકિસ્તાનમાં ચૂંટણી પંચે સરકાર બનાવવા માટે ૩૩૬માંથી ૨૬૪ સંસદીય બેઠકોના પરિણામો જાહેર કર્યા છે. ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) દ્વારા સમર્થિત અપક્ષ ઉમેદવારોને ૧૦૧ બેઠકો, નવાઝ શરીફની પાર્ટી પાકિસ્તાન મુસ્લિમ લીગ (નવાઝ)ને ૭૫ બેઠકો, બિલાવલ ભુટ્ટો ઝરદારીની પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)ને ૫૪ બેઠકો અને ભારતથી આવેલા ઉમેદવારોને ૫૪ બેઠકો મળી હતી. પીપલ્સ પાર્ટી મુત્તાહિદા કૌમી મૂવમેન્ટ (એમક્યુએમ)ને ૧૭ સીટો મળી છે. ખુશાબની એનએ ૮૮ બેઠકનું ચૂંટણી પરિણામ જાહેર થયું ન હતું, જ્યારે એક બેઠક પરની ચૂંટણી ઉમેદવારના મૃત્યુને કારણે મોકૂફ રાખવામાં આવી હતી. પાકિસ્તાનના ચૂંટણી પરિણામોમાં કોઈ પક્ષને બહુમતી ન મળવાથી ત્રિશંકુ સ્થિતિ સર્જાઈ છે. નેશનલ એસેમ્બલીમાં કોઈપણ પક્ષને પોતાના દમ પર સરકાર બનાવવા માટે પૂરતી બેઠકો ન મળવાથી, મામલો હવે ગઠબંધનમાં અટવાઈ ગયો છે. એક તરફ જ્યાં સૌથી વધુ બેઠકો જીતનાર ઈમરાન ખાન સરકાર બનાવવાનો દાવો કરી રહ્યા છે તો બીજી તરફ પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફની પાર્ટી ૭૫ બેઠકો સાથે અને બિલાવલ ભુટ્ટો ઝરદારીની પાર્ટી ૫૪ બેઠકો સાથે અન્ય નાની પાર્ટીઓ સાથે વાતચીત કરી રહી છે. ગઠબંધન સરકાર બનાવવા બધા પ્રયાસ કરી રહ્યા છે. જેલમાં બંધ ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાન દ્વારા સમર્થિત અપક્ષ ઉમેદવારોએ સૌથી વધુ બેઠકો જીતી છે અને સાથીઓ માટે સરકાર બનાવવા માટે પ્રયાસો પણ કરી રહ્યા છે. વિધાનસભાની કુલ ૩૩૬ બેઠકોમાંથી ૨૬૪ બેઠકો માટે ઉમેદવારો મેદાનમાં હતા. તેમાં ૭૦ અનામત બેઠકો પણ છે. પાકિસ્તાન નેશનલ એસેમ્બલીમાં શું થશે, આગામી દિવસોમાં ગૃહમાં શું થવાની સંભાવના છે અને પાકિસ્તાનમાં આગામી સરકાર કેવી રીતે રચાશે?

★ કાયદા અનુસાર, રાષ્ટ્રીય વિધાનસભા અથવા સંસદના નીચલા ગૃહને રાષ્ટ્રીય ચૂંટણીના ત્રણ અઠવાડિયા પછી રાષ્ટ્રપતિ દ્વારા બોલાવવામાં આવે છે. પરંતુ આ માટે, બેઠક અગાઉ બોલાવવામાં આવે છે.

★ પછી ગૃહના નવા અધ્યક્ષની પસંદગી કરવામાં આવે છે. પછી તેઓ ગૃહના નેતા અથવા વડા પ્રધાનની ચૂંટણી માટે બોલાવે છે, જેમણે ૩૩૬ માંથી ૧૬૯ બેઠકોની બહુમતી રજૂ કરવી આવશ્યક છે.

★ વડાપ્રધાન માટે ઘણા ઉમેદવારો હોઈ શકે છે. જો પ્રથમ રાઉન્ડમાં કોઈ ઉમેદવારને બહુમતી ન મળે, તો બીજા રાઉન્ડનું મતદાન ટોચના બે ઉમેદવારો વચ્ચે થાય છે. જ્યાં સુધી એક વ્યક્તિ બહુમતી મેળવવા માટે સક્ષમ ન બને ત્યાં સુધી મતદાન ચાલુ રહેછે.

★ જ્યારે વડા પ્રધાન ચૂંટાય છે, ત્યારે તેમને શપથ ગ્રહણ કરવામાં આવે છે અને પછી પ્રધાનમંડળની જાહેરાત કરવામાં આવે છે. ચૂંટણીની દેખરેખ રાખવા માટે રચાયેલી કેરટેકર સિસ્ટમ પછી નવી સરકારને સત્તા સોંપે છે.

★ જીતેલી બેઠકોની સંખ્યાના પ્રમાણમાં પક્ષોને ૭૦ અનામત બેઠકો ફાળવવામાં આવે છે. મહિલાઓ માટે ૬૦ બેઠકો, બિન-મુસ્લિમો માટે ૧૦ બેઠકો. અપક્ષો અનામત બેઠકો માટે પાત્ર નથી.

★ જો અપક્ષો અનામત બેઠકો મેળવવા માંગતા હોય, તો તેમણે બ્લોક બનાવવા માટે અન્ય પક્ષમાં જોડાવું પડશે.

★ અપક્ષો ચૂંટણી લડી રહ્યા છે કારણ કે ખાનની પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) ને ચૂંટણી કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ ચૂંટણીમાંથી પ્રતિબંધિત કરવામાં આવ્યો હતો.

# કેન્દ્રીયમંત્રી રૂપાલા અને ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીના હસ્તે ટ્રેનીંગ સેન્ટરનું ભૂમિપૂજન સંપન્ન






કામધેનુ યુનિવર્સિટીની ડેરી વિજ્ઞાન મહા વિદ્યાલય, અમરેલી ખાતે સોમવારે કેન્દ્રીય પશુપાલન મત્સ્યોદ્યોગ અને ડેરી મંત્રી પરશોત્તમભાઈ રૂપાલા અને ઈફકોના ચેરમેની દિલીપભાઈ સંઘાણીના હસ્તે ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય અમરેલી ખાતે ટ્રેનિંગ સેન્ટરનું ભૂમિપૂજન સંપન્ન થયું હતું. ભારત સરકારના રાષ્ટ્રીય ગોકુલ મિશન અંતર્ગત મળેલા અનુદાનથી અમરેલી ખાતે અદ્યતન ટ્રેનિંગ સેન્ટર નિર્માણ પામશે.આ પ્રસંગે ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ સાથે 'વકસિત ભારત–૨૦૪૭ યુવાઓનો અવાજ' કાર્યક્રમ અંતર્ગત કેન્દ્રીય મંત્રીએ સંવાદ કર્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ જણાવ્યુ હતુ કે, રાષ્ટ્રીય ગોકુલ મિશન અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ત્રણ અગત્યના ૦૩ નિર્ણયો થયા. સૌ પ્રથમ દેશના તમામ પશુધનનું નિઃશુલ્ક રસીકરણ કરવામાં આવ્યુ, પશુઓની સારવાર માટે હરતા ફરતા દવાખાના આપવાનો નિર્ણય થયો. જે પૈકી ૨,૫૦૦ એમ્બ્યુલન્સ દેશમાં કાર્યરત છે. જેના અંતર્ગત આ એમ્બ્યુલન્સને સંચાલન કરવાનો ૬૦ ટકા ખર્ચે પણ ભારત સરકાર દ્વારા આપવામાં આવે છે અને પર્વતીય વિસ્તારમાં ૯૦ ટકા અને કેન્દ્રીય સંચાલિત પ્રદેશોમાં ૧૦૦ ટકા ખર્ચ આપવામાં આવે છે. રાષ્ટ્રીય ગોકુલ મિશનનો મુખ્ય ઉદેશ્ય ભારતીય કુળની ગાયોનું સંવર્ધન કરવું તેની ઓલાદની ગુણવત્તા સુધારવી જેના અંતર્ગત ભારત સરકાર દ્વારા બ્રીડ મલ્ટીપ્લીકેશન ફાર્મ માટે ભારત સરકાર દ્વારા ૫૦ ટકા સબસીડી આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત ૨૦૦ ગાયની ખરીદી કરનાર પશુપાલકને ૪ કરોડના વોલ્યુમમાંથી ૫૦ ટકા સહાય કેન્દ્ર સરકાર આપે છે, આ યોજના અમલી છે. દેશમાં આવા ૧૦૦ ફાર્મ મંજૂર થયા છે. જે પૈકીનું એક ફાર્મ અમર ડેરીને આપવામાં આવ્યું છે.આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ ભારત સરકારની યોજનાઓ, વિદેશમાં થતા પશુપાલન, બ્રાઝિલમાં કાર્યરત ગીર ગાયના સંવર્ધનની પ્રવૃત્તિઓ, એમ્બ્રીયો ટ્રાન્સપ્લાન્ટ દ્વારા આઈ.વી.એફ.થી અમરેલીમાં જન્મેલી પ્રથમ ગીર ગાયની વાછરડી સહિતના પ્રોજેકટ અંગે વિદ્યાર્થીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને ડેરી વિજ્ઞાનમાં બ્રીડ સુધારણા સંશોધન અને પશુપાલનને વૈજ્ઞાનિક ઢબે અપાનાવી અમૃતકાળમાં પશુપાલનને ઉચ્ચે સ્તરે લઈ જવાનું સૂચન કર્યુ હતું. આ પ્રસંગે એન.સી.યુ.આઈ.ના અધ્યક્ષ અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ ડેરી ક્ષેત્રે અમરેલીની અમર ડેરીના યોગદાનની માહિતી આપી હતી. અત્યાર સુધી અમર ડેરી શ્વેત ક્રાંતિ દ્વારા રોજગારીનું માધ્યમ બની હતી પરંતુ ગીર ગાયના એમ્બ્રીયો ટ્રાન્સપ્લાન્ટ અને એમ્બ્રીયો નિર્માણના પ્રોજકેટ બાદ આ વિસ્તારમાં રોજગારી સાથે સમૃધ્ધિનું માધ્યમ બનશે. કામધેનુ યુનિવર્સિટી સંચાલિત ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય,અમરેલી ખાતે રાષ્ટ્રીય ગોકુલ મિશનના અનુદાનથી ત્રણ માળનું અદ્યતન ટ્રેનિંગ સેન્ટર નિર્માણ પામશે. આ સેન્ટરમાં દિવ્યાંગજનો માટે અલગ વ્યવસ્થા કરવામાં આવશે. આ સેન્ટરના માધ્યમથી ડેરી ક્ષેત્રના નિષ્ણાંતો દ્વારા પશુપાલકોને તથા વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને તાલીમ આપવામાં આવશે.કાર્યક્રમના પ્રારંભે કોલેજના પ્રિન્સિપાલ અને ડીન ડો.રામાણીએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડો.એન.એ. કેલાવાલાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતુ.આ કાર્યક્રમમાં અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, ડેરીના એમ.ડી. ડો.આર.એસ. પટેલ, યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.એમ.એમ. ત્રિવેદી. કૂલ સચિવશ્રી ડો કે.કે. હડીયા, અગ્રણી જયંતિભાઈ પાનસુરિયા, ભાવનાબેન ગોંડલિયા, કોલેજના પ્રાધ્યાપકો, અધિકારીઓ અને વિદ્યાર્થીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. કુંકાવાવ નજીક આવેલ અમરાપુર કૈલાસવાસી .અરવિંદભાઈ ગેવરીયા ની તૃતીય પુણ્યતિથિ મહોત્સવ નિમિત્તે સંત મિલન યોજાયું. કુંકાવાવ નજીક આવેલ અમરાપુર ધાનાણીમાં જય ગુરૂદેવ મંડપ સર્વિસના પ્રણેતા એવા કૈલાસવાસી અરવિંદભાઈની તૃતિય પુણ્યતિથિ નિમિત્તે સૌરાષ્ટ્રના વિવિધ ધર્મ સ્થાનોથી અનેક સંતો મહંતોની ઉપસ્થિતિ રહેલ હતી. સંતો મહંતોના સામૈયા ભભુતગીરી બાપુના આશ્રમથી વિધિવત કરવામાં આવેલ હતા. ત્યારબાદ વિશાળ પંડાલમાં ધર્મસભાનું આયોજન કરવામાં આવેલ હતું. સંતોના સન્માન ફુલહાર થી કરી ધર્મસભા શરૂ થયેલ જેમાં સંતો મહંતો દ્વારા ગેવરીયા પરીવારને આશીર્વાદ આપવામા આવેલ તેમજ હેમાંગભાઈ અને અજયભાઈના અપાર માતૃ પિતૃપ્રેમને બિરદાવે હતો. આ તકે વસંતબાપુ અમરાપુર, વિક્રમગીરીબાપુ, બુપ્રધગીરીબાપુ, દ્વારકેશલાલજી, સાવરકુંડલા માનવ મંદિરથી ભક્તિરામબાપુ, હરેશબાપુ રાંદલમાતાજી મંદિર દડવા સહિતના અનેક સંતો મહંતોની ઉપસ્થિતિ રહેલ હતી. ધર્મસભામાં સંસ્કાર સિંચન સાથે સંસ્કૃતિ જતન, શિક્ષીત સમાજ દ્વારા દેશપ્રેમ પ્રત્યેની ફરજ, દિકરીઓનુ જતન, પોતાના માં બાપ પ્રત્યે સંતાનો નુ કર્તવ્ય વગેરે મુદ્દા પર વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવેલ જયારે ધર્મસભા બાદ ભોજન પ્રસાદ માં સાધુશાહી ની પરમંપરા મુજબ સંતો મહંતો ભેટપુજા હેમાંગભાઈ અને અજયભાઈ એ અર્પણ કરી દયભાવ સાથે વિદાય આપી હતી. રાત્રે સંતવાણી માં સુપ્રસિદ્ધ સંતવાણી આરાધક પરશોતમપરી બાપુ ગોસ્વામી તેમજ મનહરદાન ગઢવી દ્વારા શ્રોતાજનોને ભક્તિરસનું પાન કરાવવામાં આવેલ હતું.

## ૧૨ વિદ્યાર્થીનાં પરીક્ષા ફોર્મ ન ભરતાં વિવાદ થતાં

# સા.કુંડલાનાં લુવારાનાં બેદરકાર આચાર્યની હડમતીયા ખાતે બદલી કરવામાં આવી

### ધારાસભ્ય અને વાલીઓની રજૂઆત બાદ કાર્યવાહી

**(પ્રતાપ ખુમાણ દ્વારા)**
સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા તાલુકાના લુવારા ગામની પ્રાથમિક શાળાના આચાર્ય શેખ ઈમ્તિયાઝ સતારભાઈએ લુવારા ગામના જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ માટેની પરીક્ષાના ફોર્મ માટેના તમામ ડોક્યુમેન્ટ વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા આ બાબતે સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા શિક્ષણ અધિકારીને ગ્રામજનો અને વાલીઓ દ્વારા આચાર્યની બેદરકારી બદલ રૂબરૂ અને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.

ગ્રામજનો દ્વારા શાળાને તાળાબંધીની ચિમકી પણ આપી હતી. લુવારામાં આચાર્યએ ૧૨ બાળકના નવોદય પરીક્ષાના ફોર્મ ન ભર્યા પરીક્ષાના છેલ્લા દિવસ સુધી વાલીઓ સામે ખોટું બોલ્યા હતા. તાજેતરમા જવાહર નવોદય વિદ્યાલયમા પ્રવેશ માટે છાત્રોની પરીક્ષા યોજાઈ હતી. જો કે સાવરકુંડલા તાલુકાના લુવારામાં પ્રાથમિક શાળાના આચાર્યએ ૧૨ બાળકોના પરીક્ષાના ફોર્મ ન ભરી વાલીઓ પાસે ખોટુ બોલી બેદરકારી દાખવતા વાલીઓમા રોષ જોવા મળી રહ્યો છે અને આચાર્ય સામે કડક કાર્યવાહી કરવા પણ જણાવ્યું હતું.

લુવારા પ્રાથમિક શાળાના આચાર્યએ ધોરણ ૫મા અભ્યાસ કરતા ૧૨ છાત્રોના નવોદય પરીક્ષા માટેના ફોર્મ ભર્યા ન હતા. વાલીઓએ અવારનવાર આચાર્યને પુછતા તેણે રીસીપ્ટ આપુ છુ ફોર્મ ભરાઈ ગયા છે તેવુ આસન આપ્યુ હતુ. જો કે પરીક્ષાની તારીખ આવી ગઈ હોવા છતા ફોર્મ ન ભરી બેદરકારી દાખવી હતી. ગ્રામજનો દ્વારા પ્રાથમિક શિક્ષણાધિકારી તેમજ ધારાસભ્યને રજૂઆત કરવામા આવી હતી. ધારાસભ્ય દ્વારા આ બાબતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને રજૂઆત કરવામા આવી હતી અને આચાર્યની પોતાની ફરજમા નિષ્કાળજી બદલ કડક પગલા લેવા તેમણે રજૂઆત કરી હતી. આમ, આ બનાવને પગલે વાલીઓમાં ભારે આક્રોષ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૧ | ૧૪૫૨ |
| ૨ | ચણા | ૧૦૪૫ | ૧૧૫૧ |
| ૩ | ઘઉં | ૪૬૬ | ૫૪૩ |
| ૪ | ધાણા | ૧૦૨૦ | ૧૧૮૦ |
| ૫ | તુવેર | ૧૫૭૧ | ૧૭૯૧ |
| ૬ | સોયાબીન | ૮૨૦ | ૮૨૦ |
| ૭ | તલ કાળા | ૨૮૩૫ | ૨૮૩૫ |
| ૮ | મકાઈ | ૪૫૬ | ૪૫૬ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૦ | ૧૨૪૨ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૩૦૭ |
| ૩ | શિંગદાણા | ૧૦૭૫ | ૨૦૧૦ |
| ૪ | તલ સફેદ | ૨૧૦૦ | ૩૨૭૫ |
| ૫ | તલ કાળા | ૨૪૪૪ | ૩૧૦૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૪૧૦૫ | ૪૧૬૫ |
| ૭ | બાજરો | ૩૫૦ | ૫૩૦ |
| ૮ | જુવાર | ૫૨૦ | ૮૨૬ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૦૧ | ૬૧૧ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૨૦ | ૫૮૧ |
| ૧૧ | ચણા | ૯૦૩ | ૧૨૧૧ |
| ૧૨ | ચણા દેશી | ૧૪૨૭ | ૧૪૫૭ |
| ૧૩ | તુવેર | ૧૨૮૦ | ૧૯૫૨ |
| ૧૪ | કપાસ | ૧૦૫૪ | ૧૪૫૯ |
| ૧૫ | એરંડા | ૧૦૧૦ | ૧૦૯૪ |
| ૧૬ | જીરૂ | ૩૫૦૦ | ૬૧૯૦ |
| ૧૭ | રાયડો | ૬૯૨ | ૯૦૦ |
| ૧૮ | રાય | ૧૧૫૦ | ૧૨૭૨ |
| ૧૯ | ધાણા | ૧૦૮૦ | ૧૨૩૮ |
| ૨૦ | ધાણી | ૧૧૯૮ | ૧૫૭૫ |
| ૨૧ | અજમા | ૨૪૨૦ | ૨૪૨૦ |
| ૨૨ | સોયાબીન | ૭૦૦ | ૮૬૫ |
| ૨૩ | મરચા લાંબા | ૧૦૪૦ | ૪૦૩૦ |

પાના ૮ ઉપરનું ચાલું

### નવી ધારગણીથી હાથસણી માર્ગ ઉપર

ગુમાવતા નવી ધારગણીથી હાથસણી ગામ તરફ જવાના રસ્તે પુલ નીચે વોકળ ામાં મોટર સાયકલ ઉતારી દેતા આરોપીએ પોતાને તથા મોટર સાયકલ પાછળ બેઠેલ તેના ભાઈને બન્નેને શરીરે ગંભીર ઈજાઓ કરી મોટર સાયકલ ચાલક તથા પાછળ બેઠેલ તેમના નાનાભાઈના બંનેના મોત નિપજાવી દીધાની ફરિયાદ ચલાલા પોલીસમાં નોંધાઈ છે.

અમરેલીના મુળ મધ્યપ્રદેશના વીરપુર બલવારી ગામ તાલુકો ગંદવાણી જીલ્લો ધારના વતની અને હાલ સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામની સીમમાં ધીરૂભાઈ જીવરાજભાઈ બુહાની વાડીએ રહેતા મહેશભાઈ ચંદીયાભાઈ ભાબર નામના ૨૨ વર્ષિય યુવક ગત તા. ૧૦/ના સાંજે ૭/૩૦ થી તા. ૧૧/૨/૨૪ ના સવારે ૭ કલાક દરમ્યાન કોઈપણ સમયે પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. જીજે–૧૧ ણઈ–૪૭૬૬ નું લઈને તેની પાછળ તેના નાનાભાઈ અમલભાઈને બેસાડીને જતા હોય. ત્યારે તે નવી ધારગણી ગામથી હાથસણી ગામ તરફ જવાના રસ્તે પુલ નીચેથી પસાર થતાં હતા ત્યારે આરોપી મહેશભાઈએ મોટર સાયકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા નવી ધારગણીથી હાથસણી ગામ તરફ જવાના રસ્તે પુલ નીચે વોકળામાં મોટર સાયકલ ઉતારી દેતા આરોપીએ પોતાનું તથા મોટર સાયકલ પાછળ બેઠેલ તેના નાનાભાઈને બન્નેને શરીરે ગંભીર ઈજાઓ કરી મોટર સાયકલ ચાલક તથા તેની પાછળ બેઠેલ તેમના નાનાભાઈ અમલભાઈ સહિત બંનેના મોત નિપજાવી દીધાની ફરિયાદ ચલાલા પોલીસમાં નોંધાઈ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૬૫ | ૧૪૩૦ |
| ૨ | ચણા | ૧૧૨૦ | ૧૨૨૬ |
| ૩ | જુવાર સફેદ | ૮૧૬ | ૮૧૬ |
| ૪ | સોયબીન | ૭૭૧ | ૮૧૧ |
| ૫ | બાજરો | ૪૮૧ | ૫૧૧ |
| ૬ | ધાણા | ૯૫૦ | ૧૩૦૧ |
| ૭ | જીરૂ | ૬૪૫૦ | ૬૪૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૩૦ | ૧૨૩૧ |
| ૨ | શીંગ મોટી | ૮૮૦ | ૧૨૮૬ |
| ૩ | તલ સફેદ | ૨૫૫૦ | ૨૮૫૦ |
| ૪ | જીરૂ | ૫૭૦૦ | ૬૧૦૦ |
| ૫ | કપાસ | ૧૧૫૧ | ૧૪૭૫ |
| ૬ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૯૬ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૬૦૦ |
| ૮ | બાજરો | ૩૫૦ | ૫૨૫ |
| ૯ | જુવાર | ૬૦૦ | ૮૫૦ |
| ૧૦ | અડદ | ૧૪૦૦ | – |
| ૧૧ | ચણા | ૧૦૭૫ | ૧૨૪૩ |
| ૧૨ | દેશી ચણા | ૧૩૦૦ | ૧૫૬૪ |
| ૧૩ | તુવેર | ૧૫૦૦ | ૧૯૫૦ |
| ૧૪ | રાયડો | ૮૦૦ | ૯૫૦ |
| ૧૫ | ધાણા | ૯૦૦ | ૧૬૦૮ |
| ૧૬ | સોયાબીન | ૭૦૦ | ૮૨૧ |

# ભુરખીયા હનુમાનજી મંદિરે બુધવારે વિનામુલ્યે ૭૧મો નેત્ર નિદાન કેમ્પ યોજાશે

અમરેલી, તા. ૧૨

રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર–મુંબઈના આર્થિક સહયોગથી લાઠી તાલુકાના ભુરખીયા હનુમાનજી મંદિરે તા. ૧૪/૦૨/૨૪ ને બુધવારે સવારનાં ૮ કલાક થી બપોરના ૧૨ વાગ્યા સુધી વિના મુલ્યે નેત્ર નિદાન અને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી (વિના મુલ્યે) બેસાડી આપવાનો કેમ્પ યોજાવાનો હોય તેમજ ચશ્માના નંબર રાહત દરે કાઢી આપવામાં આવનાર હોય, કેમ્પનો લાભ લેવા આવનાર દર્દીઓએ આધાર પુરાવામાં ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ લાવવા આયોજકો લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), શ્રી ભુરખીયા હનુમાનજી ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય– અમરેલી દ્વારા જણાવવામાં આવેલ છે. આ કેમ્પમાં સુદર્શન નેત્રાલય–અમરેલીની ડોકટર સહિતની ટીમ દર્દીઓની આંખ તપાસી સેવા આપશે. કેમ્પનો લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

### સરકારની ગામડા વિરોધી નીતિનાં લીધે

એન્જીન સરકારની ગામડા વિરોધી નીતિ અને નિયતને કારણે ગામડા તૂટી રહ્યા છે., સબકા સાથ સબકા વિકાસના સુત્રો આપ્યા પણ ગામડાના વિકાસ માટે સરકારનું ઓરમાયું વર્તન. જોવા મળે છે., રાજયની ઓ.બી.સી. ની ૫૨% વસ્તી જેમાં ૧૪૬ જ્ઞાતિઓનો સમાવેશ, પરંતુ બજેટમાંથી ૧%રકમ પણ ફાળવી નથી., વર્ષ ૨૦૧૨ માં સર્વેમાં ૫૦ લાખ કાચા મકાનો–ઝુંપડા હતા, ૨૦૨૪ માં પણ લાખો પરિવારોને પાકા મકાન મળ્યા નથી., ગ્રામ વિકાસ માટે દેશના તમામ રાજયોમાં સરેરાશ બજેટના ૫% ફાળવ્યા, જયારે ગુજરાતમાં બજેટના ૨.૯% ફાળવી ગ્રામ વિકાસ માટે સરકારની ઉદાસીનતા સાબિત થઈ રહી છે., ખેતી–ખેડૂતો માટે સરકારની ઉદાસીનતા, ગુજરાતમાં બજેટના ફકત ૫% રકમની ફાળવણી, જયારે દેશના અન્ય રાજયોમાં સરેરાશ ૫.૯% ફાળવણી., પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામ્ય વિસ્તારમાં યુનિટ કિંમત રૂ. ૧.૨૦ લાખ, શહેરી વિસ્તારમાં યુનિટ કિંમત રૂ. ૩.૫૦ લાખ, ગામડાના લાભાર્થીઓ સાથે ભેદભાવ કેમ ?, આરોગ્ય ક્ષેત્રે અન્ય રાજયોની સરખામણીએ ગુજરાતમાં બજેટની ઓછી ફાળવણી, દેશમાં સરેરાશ બજેટના ૬.૨% ની ફાળવણી સામે, ગુજરાતમાં આરોગ્ય ક્ષેત્રે ૫.૬% ની ફાળવણી., સરકારની ગામડા વિરોધી નીતિઓથી ગામડા ખાલી થઈ રહ્યા છે. શહેરો તરફની દોટ વધી રહી છે. વધતી વસ્તીને કારણે શહેરોમાં ટ્રાફિક, મોંઘવારી, પ્રદુષણ, કાયદો–વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી ગુન્હાખોરીમાં વધારો થયો., ગ્રામ્ય વિસ્તારમાં સારી શિક્ષણ, આરોગ્ય રોજગાર, માળખાગત સુવિધાઓની વ્યવસ્થા ન થવાને કારણે ગામડા ખાલી થઈ રહ્યા છે., અંદાજપત્રમાં જાહેરાતો મોટી થાય છે, ફાળવણી ઓછી કરવામાં આવે છે અને ખર્ચ એનાથી પણ ઓછો થાય છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૪ | ૧૪૩૨ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૮૦ | ૧૪૯૬ |
| ૨ | મગફળી | ૧૧૭૮ | ૧૧૯૦ |
| ૩ | ધાણા | ૧૧૩૦ | ૧૩૮૦ |
| ૪ | તુવેર | ૧૬૧૦ | ૧૮૭૦ |
| ૫ | ઘઉં | ૪૯૦ | ૫૬૦ |
| ૬ | ચણા | ૯૮૪ | ૧૧૯૬ |
| ૭ | સોયાબીન | ૮૧૫ | ૮૨૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૪૭૭ |
| ૨ | ચણા | ૮૧૦ | ૧૦૩૫ |
| ૩ | તુવેર | ૧૧૩૦ | ૧૭૯૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૫૭ | ૪૯૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૮૭ | ૫૪૨ |
| ૬ | ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૭ | સોયાબીન | ૭૮૦ | ૮૧૭ |
| ૮ | લસણ | ૫૦૦૦ | ૬૨૦૫ |
| ૯ | તલ સફેદ | ૨૨૬૫ | ૨૫૬૫ |
| ૧૦ | રાય | ૯૯૦ | ૧૦૧૭ |

પાના ૧ ઉપરનું ચાલું

### ધરાઈનાં સરપંચ ઉપર હુમલો કરનાર

રહેલ માલ–સામા તથા દાગીના તથા રોકડ રકમની ચોરી કરેલ હોય. આથી નયનાબેન જોષી મોટી ઉંમરનાં હોય અને ઘર વિહોણા તથા મરણમુડી પણ ચોરાઈ ગઈ હોય આથી આ નયનાબેન જોષીએ પોતાને ન્યાય મેળવવા ઉપવાસ આંદોલન કરેલ અને ન્યાય મેળવવા માટે ધરાઈ ગામના સરપંચ નયનાબેન પરેશભાઈ કાપડીયાને રજૂઆત કરેલ. આથી ધરાઈ ગામમાં બંને ગેરકાયદેસર કૃત્ય કરનાર ઈસમો વિરૂધ્ધ કાયદાકીય પગલા લેવા અને આ વૃધ્ધ માતા ન્યાય મળે તે હેતુથી ધરાઈ ગામના સરપંચ નયનાબેન પરેશભાઈ કાપડીયાએ સમર્થન આપેલ અને ઉચ્ચસ્તરે રજૂઆત કરેલ હતી.

વધુમાં જણાવેલ છે કે, આથી આ ગેરકાયદેસર કૃત્ય કરનાર આરોપીઓ વિરૂધ્ધ બાબરા પોલીસ સ્ટેશનમાં આરોપીઓ ધર્મેન્દ્રભાઈ ભરતભાઈ જોષી, મિતુલભાઈ જનકભાઈ જોષી, મિલનભાઈ અશ્વિનભાઈ જોષી, વિરલભાઈ ગુલાબભાઈ જોષી, નંદન પ્રવિણભાઈ જોષી તથા અન્ય ૨૫ ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરેલ. હાલ આ તમામ આરોપીઓ ફરાર હોય પોલીસ ધ્વારા આ તમામ આરોપીઓની ધરપકડ કરેલ ના હોય જેના લીધે આરોપીઓ ખુલ્લેઆમ ફરતા હોય અને કાયદાનો કોઈ ડર રહેલ ના હોય તેમ આસાનીથી ફરી રહ્યાં છે.

વધુમાં જણાવેલ છે કે, ધરાઈ ગામના સરપંચ તથા તેમના પતિ પરેશભાઈ કાપડીયા કામ સબબ તા. ૧૦/૨/૨૪નાં રોજ સાંજના સમયે શેડુભારથી ચિતલ ગામ તરફ પોતાનું બાઈક લઈ જતાં હોય ત્યારે આરોપીઓ પૈકી ધર્મેન્દ્ર જોષી તથા મિતુલ જોષી સીલ્વર કલરનું ઈકો સ્પોર્ટ ગાડી લઈ ધરાઈ ગામના સરપંચ તથા તેમના પતિ પરેશભાઈ પર ગાડી ચડાવી મારી નાખવાની કાશિષ કરેલ પણ સદનસીબે ધરાઈ ગામના સરપંચ તથા તેમના પતિ બાઈક પર કંટ્રોલ કરતાં બચી ગયેલ અને સદનસીબે આ જીવલેણ હુમલામાં કોઈ જાનહાની ન થયેલ અને આ બાબતની ફરિયાદ પરેશાભાઈએ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન ખાતે કરેલ છે. આ હુમલો કરવા પાછળનું કારણ નયનાબેન જોષી સાથે બનેલ ગેરકાયદેસર કૃત્યને ન્યાય માટે ધરાઈ ગામના સરપંચે સમર્થ આપેલ હોય આથી આરોપીઓએ બદલો લેવા ધરાઈ ગામના સરપંચ તથા તેમના પતિ પર જીવલેણ હુમલો કરેલ.

વધુમાં જણાવેલ છે કે, આ તમામ આરોપી વિરૂધ્ધ તા. ૮/૨/૨૪નાં રોજ બાબરા પોલીસ સ્ટેશનમાં નયનાબેન જોષી ધ્યારા ફરિયાદ કરેલ હોય અને તમામ આરોપી પર ગુન્હો નોંધાયેલ હોય તેમ છતાં તમામ આરોપીઓ કાયદાનો ડર રાખ્યા વગર ખુલ્લેઆમ ફરી રહ્યા હોય પોલીસતંત્ર ધ્વારા એક પણ આરોપીની આજદીન સુધીમાં ધરપકડ કરવામાં આવેલ નથી. આથી આરોપીઓ ધ્વારા ધરાઈ ગામનાં સરપંચ પર જીવલેણ હુમલાનો પ્રયાસ કરેલ હોવા છતાં પોલીસતંત્ર ધ્વારા ખુલ્લેઆમ આરોપીઓની આજદીન સુધી ધરપકડ કરવામાં આવેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, આવા આરોપીઓ ખુલ્લેઆમ ફરતા રહેશે તો કાયદાનો ડર જ નહી રહે. સમાજમાં તેની ખોટી અસર થશે. આથી આ તમામ આરોપીઓને પોલીસતંત્ર અટકાયત નથી કરતું અને આવા ગુન્હેગારો પોલીસતંત્રની બેદરકારીનાં લીધે ખુલ્લેઆમ ફરીને ધરાઈ ગામના સરપંચ પર થયેલ જીવલેણ હુમલામાં બચી ગયેલ હોય અને આ તમામ આરોપીઓની ધરપકડ કરવામાં નહી આવે તો આવો બનાવ ફરી બનવાનો ભય રહેલ હોય અને હવે આ આરોપી ધ્વારા આવો કોઈ પણ હુમલો કે કાયદા વિરૂધ્ધનું કૃત્ય થશે તો તેની સંપૂર્ણ જવાબદારી આ તમામ આરોપીઓ તથા પોલીસ તંત્રની રહેશે. તમામ આરોપીઓની વહેલીતકે અટકાયત/ધરપકડ કરવામાં નહી આવે તો અમો તમામ સામાજિક આગેવાનો ઉચ્ચ સ્તરે રજૂઆત કરીશું તેમ અંતમાં જણાવેલ છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૭૫૦ | ૩૦૦૦ |
| ૩ | તલ પીળા | ૪૦૪૧ | ૪૦૪૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૪૪ |
| ૫ | બાજરો | ૪૭૧ | ૫૧૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૬૩૦ |
| ૭ | જુવાર | ૫૦૦ | ૮૪૦ |
| ૮ | મકાઈ | ૪૩૬ | ૪૬૬ |
| ૯ | મગ | ૧૮૦૦ | ૨૩૦૦ |
| ૧૦ | મઠ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૧ | અડદ | ૧૬૦૦ | ૧૭૮૫ |
| ૧૨ | તુવેર | ૧૬૧૦ | ૧૮૭૬ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૨૧૩ |
| ૧૪ | રાય | ૮૭૧ | ૯૦૦ |
| ૧૫ | સોયાબીન | ૮૨૬ | ૮૩૧ |
| ૧૬ | ધાણા | ૮૦૦ | ૧૮૨૫ |

# અમરેલી : ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાની સ્પર્ધાઓનો પ્રારંભ






અમરેલી જિલ્લાના કલાકારોની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાના શુભ હેતુ સાથે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. રાજયસભા સાંસદ અને કેન્દ્રીય પશુપાલન મત્સ્યોદ્યોગ અને ડેરી મંત્રી પરશોત્તમભાઈ રૂપાલા દ્વારા આયોજિત જિલ્લાકક્ષાની સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા અમરેલી સ્થિત કે.કે.પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય (નૂતન મિડલ સ્કૂલ)ના પ્રાંગણમાં યોજાઈ હતી. ઈફકો અને એન.સી.યુ.આઈના ચેરમેન દિલિપભાઈ સંઘાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલા જિલ્લાકક્ષાની સ્પર્ધાના સમારોહમાં તાલુકા કક્ષાએ વિજેતા થયેલા વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓએ પોતાની કલાકૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે જિલ્લાકક્ષાએ વિજેતા થનારા ખેલાડીઓને રજત ચંદ્રકોથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ ઉદ્ઘાટન સમારંભમાં ધોળ, લોકગીત, મંજીરા વાદન, સુગમ સંગીત અને રાસની રમઝટની પ્રસ્તુતિઓ નિહાળી હતી. કાર્યક્રમનું ઉદ્દઘાટન કરતા કેન્દ્રીય કેબિનેટ મંત્રી, પરશોત્તમ ભાઈ રૂપાલાએ જણાવ્યુ કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તમામ સાંસદઓને ખેલાડીઓ અને કલાકારોને મંચ આપવાના હેતુથી આ પ્રકારની સ્પર્ધાઓ યોજવાનું સૂચન કર્યુ હતું. અમરેલી જિલ્લાને ભાષા તેમજ કલા વારસામાં મળી છે.અમરેલી એવા કવિ હંસની નગરી છે જેમણે પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં અંગ્રેજોની માફી ન માંગવાના બદલે જેલવાસ પસંદ કર્યો હતો. અમરેલી રમેશ પારેખની નગરી છે. કવિ કાગ, મેઘાણી, કાંત, કાનજી ભુટા બારોટ વગેરે જેવા મૂર્ધન્ય સાહિત્યકારો, કવિઓનો અમરેલીને વારસો મળ્યો છે. તેમણે ઉમેર્યુ કે, કલા અને સંસ્કૃતિના વારસાનું સિંચન નવી પેઢીમાં થાય તેવા શુભ આશયથી આ સ્પર્ધાને ફક્ત એક વર્ષ કે સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા તરીકે નહીં પરંતુ કાયમી ધોરણે યોજવામાં આવે તેવું સહિયારૂ આયોજન કરવામાં આવશે.આ સ્પર્ધાઓ પૈકી રામસાગર, ધોળ, બેંજો, પ્રભાતિયા, મંજીરા વાદનને સાંસ્કૃતિક સ્પર્ધામાં કેન્દ્રીય મંત્રીની પ્રેરણાથી સૌ પ્રથમ વખત સ્થાન મળ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા ઈફકો અને એન.સી.યુ.આઈના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ કલા સંસ્કૃતિકને જીવંત રાખવાના કેન્દ્રીય મંત્રીના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યુ કે, આ પ્રકારના કાર્યક્રમો દ્વારા કલા સંસ્કૃતિ અને વારસાને જીવંત રાખવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જેથી નવી પેઢ ીમાં પોતાના વારસાનું મહત્વ જળવાઈ રહે. કાર્યક્રમના પ્રારંભે સ્પર્ધાના પરામર્શક ડો. કેતન કાનપરીયાએ, આ સ્પર્ધાઓનું મહત્વ સમજાવ્યું હતું અને તેના આયોજનની રૂપરેખા વર્ણવી હતી. તેમણે કહ્યુ કે આ સ્પર્ધામાં તાલુકા કક્ષાએ ૨,૭૪૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો જે પૈકીના ૧,૪૧૧ સ્પર્ધકો જિલ્લાકક્ષાએ ભાગ લેશે. આ પાકી તમામ વય જૂથના પ્રથમ, દ્વિતિય અને તૃતિય વિજેતાઓને રજત ચંદ્રક આપી સન્માનિત કરવામાં આવશે. કાર્યક્રમના પ્રારંભે ડો.ભરત કાનાબારે પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતું. કાર્યક્રમના ઉદ્ધાટન પ્રસંગમાં સાંસદ નારણભાઈ કાછડીયા, જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરિયા, નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી,અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, અમર ડેરી વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, અગ્રણી મેહુલભાઈ ધોરાજીયા,સંસ્થાના ટ્રસ્ટી અમરીશભાઈ ગાંધી, જિલ્લા વિકાસ અધિકારી પંડયા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણી, યુવા વિકાસ અધિકારી પરમાર અને વિવિધ તાલુકાઓમાંથી ભાગ લેવા આવેલા સ્પર્ધકો, શિક્ષકો, તાલુકા કોર્ડિનેટરઓ અને સ્થાનિક પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### અંડર-૧૯ વર્લ્ડ કપમાં ભારતનો ઓસી. સામે પરાજય

# સૌથી વધુ રન બનાવનારા ટોચના બેટરમાં ત્રણ ભારતીય

## બેટરની યાદીમાં ઉદય સહારન ટોચ પર, સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની યાદીમાં સૌમ્ય પાંડે બીજા સ્થાને

નવી દિલ્હી, તા.૧૨

ભારત સામેની ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ૭૯ રનથી જીત મેળવીને અંડર-૧૯ વર્લ્ડકપની ચોથી ટ્રોફી જીતી લીધી હતી. ઓસ્ટ્રેલિયા છેલ્લે અંડર-૧૯ વર્લ્ડકપ ૨૦૧૦માં ચેમ્પિયન બન્યું હતું. સમગ્ર ટૂર્નામેન્ટમાં ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું, તમામ ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું અને ટીમની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ટૂર્નામેન્ટમાં ઓસ્ટ્રેલિયા એકમાત્ર એવી ટીમ હતી જેને કોઈ હરાવી શક્યું ન હતું. જો કે તેમ છતાં, તેનો કોઈ પણ ખેલાડી ટૂર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવનાર અથવા વિકેટ લેનારા બોલરોની યાદીમાં ટોપ પર નથી.

અંડર-૧૯ વર્લ્ડકપ ૨૦૨૪માં સૌથી વધુ રન બનાવનાર ટોપ-૫ બેટરની યાદીમાં ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન ઉદય સહારન ટોપ પર છે. તેણે ટુર્નામેન્ટની ૭ મેચોમાં ૫૬.૭૧ની એવરેજ સાથે ૩૯૭ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે એક સદી અને ત્રણ ફિફ્ટી ફટકારી હતી. ભારતીય ટીમમાંથી ઉદય સહારન ઉપરાંત મુશીર ખાન અને સચિન ધાસને આ યાદીમાં સ્થાન મળ્યું છે, જ્યારે ઓસ્ટ્રેલિયા તરફથી હેરી ડિક્સન અને હ્યુગ વિબગેનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અંડર-૧૯ વર્લ્ડકપ ૨૦૨૪માં સૌથી વધુ રન બનાવનાર બેટર

ઉદય સહારન- ૩૯૭
મુશીર ખાન - ૩૬૦
હેરી ડિક્સન - ૩૦૯
હ્યુગ વિબગેન- ૩૦૪
સચિન ધાસ- ૩૦૩

સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની યાદીમાં સૌમ્ય પાંડે બીજા સ્થાને

ટૂર્નામેન્ટમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની વાત કરીએ તો સાઉથ આફ્રિકા ટીમનો ફાસ્ટ બોલર ક્વેના મફાકા ૨૧ વિકેટ સાથે ટોપ પર છે. મફાકાએ ટુર્નામેન્ટ દરમિયાન બે વખત ૫ વિકેટ અને એક ઈનિંગમાં ૬ વિકેટ ઝડપી હતી. ભારત સામેની સેમિફાઈનલમાં પણ તેનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું. તેણે ૧૦ ઓવરના ક્વોટામાં ૩૨ રન આપીને ૩ વિકેટ લીધી હતી. મફાકાને તેના શ્રેષ્ઠ પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટનો એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો. ટોપ-૫ વિકેટ લેનારા બોલરોની યાદીમાં એકમાત્ર ભારતીય નામ સૌમ્ય પાંડેનું છે, જેણે કુલ ૧૮ વિકેટ લીધી હતી.

અંડર-૧૯ વર્લ્ડકપ ૨૦૨૪માં સૌથી વધુ વિકેટ લેનારા બોલરો

ક્વેના મફાકા- ૨૧ વિકેટ
સૌમ્ય પાંડે- ૧૮
ઉબેદ શાહ- ૧૮
તઝીમ અલી- ૧૪
કેલમ વિડલર- ૧૪


## ::ટુંકી મુદ્દતની જાહેર હરરાજી::

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે અમરેલી જિલ્લાનાં કુંકાવાવ–વડિયા તાલુકાના તરઘરી ગામે આવેલ ગ્રામ પંચાયત કચેરીનાં જર્જરીત વંડો, ૩ (ત્રણ) રૂમ સ્લેબવાળા તોડી પાડવાનાં તથા ઈમલો ઉતારી કાટમાળ નિકાલ કરી અને જગ્યા ખુલ્લી સમથળ કરી આપવાની કામ અંગેની જાહેરાત હરરાજી આગામી તા.૧૭/૦૨/૨૦૨૪ને શનિવારનાં રોજ સવારે ૧૦:૦૦ કલાકે ગ્રામ પંચાયત કચેરી– તરઘરી સ્થળે રાખેલ છે. તો હરરાજીની પ્રક્રિયામાં રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવું.
નોંધઃ શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

**સરપંચશ્રી**
**મો.નં.૯૯૨૪૪ ૧૭૧૮૭**
**તરઘરી ગ્રામ પંચાયત કચેરી**
**તા.કુંકાવાવ–વડિયા**
**જી.અમરેલી**


## ૧૪ ફેબ્રુઆરી ''વંસત પંચમી''



દર વર્ષે માઘ મહિનામાં વસંત પંચમીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ દિવસે ભગવાન વિષ્ણુ,કૃષ્ણ,રાધા અને માતા સરસ્વતીને પીળા રંગનાં વસ્ત્રો અને ફુલોથી શણગારીને ગુલાલ,ધૂપ–દીપ અને જળ અર્પણ કરીને તેમની પૂજા કરવામાં આવે છે. વસંત પંચમીનો તહેવાર 'સરસ્વતી પૂજા', 'શ્રીપંચમી','જ્ઞાન પંચમી' તરીકે પણ ઓળખાય છે.

હિંદુ સંસ્કૃતિમાં વસંત ઋતુનો પ્રથમ દિવસ ગણવામા આવે છે એટલે કે આ દિવસથી વસંત ઋતુની શરૂઆત થાય છે. આ દિવસને લઈને એવી માન્યતા છે કે આ દિવસે માતા સરસ્વતીની પૂજા કરવાથી બધી મનોકામના પૂરી થાય છે. શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો માટે આ દિવસ વિશેષ મહત્વનો છે. વસંત પંચમીનો તહેવાર માઘ મહિનાનાં શુકલ પક્ષની પાંચમનાં દિવસે ઉજવવામાં આવે છે.તમામ છ ઋતુઓમાં વસંતઋતુ 'ઋતુરાજ' તરીકે ઓળખાય છે. એવું માનવામાં આવે છે કે માતા સરસ્વતીનો જન્મ વસંત પંચમીનાં દિવસે થયો હતો, તેથી આ દિવસે તેમની પૂજા કરવામાં આ દિવસને શિક્ષણ અથવા અન્ય કોઈ નવી કલાની શરૂઆત કરવા માટે શુભ માનવામાં આવે છે. વસંત પંચમીને દિવસે 'વંસત રાગ'ગાવાનુ ખૂબ મહત્વ છે. વસંત રાગ ગાવાથી જીવનમાં પ્રસન્નતા થાય છે. ગીતાજીનાં દસમાં અધ્યાયમાં શ્રી કુષ્ણ પરમાત્મા એમ કહે છે કે, ''ઋતુનામ સુકુમાકર''અર્થાત 'ઋતુઓમાં વસંતઋતુ હું છું' આમ, વસંત ઋતુ એ ભગવાનનું સ્વરૂપ છે. વિદ્યાર્થીઓ આ દિવસે માતા સરસ્વતીની પૂજા–આરાધના કરે છે અને તેમનાં આશિર્વાદ મેળવે છે.

ઉલેખ્ખનીય છે કે ભારત સરકારનાં એનીમલ વેલ્ફેર બોંડ દ્વારા વસંત પંચમીનાં દિવસને 'જીવ–જંતુ કલ્યાણ દિવસ'તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવ્યું છે. આ દિવસે સમગ્ર ભારતની જીવદયા સંસ્થાઓ,ગૌશાળાઓ,પાંજરાપોળ ો,જીવદયા પ્રેમીઓ માત્ર વસંત પંચમી જ નહિ પરંતુ આખું વર્ષ, આખું જીવનદયા સાર્થક કરવા તન,મન,ધનથી પ્રયત્નશીલ રહેવાનું પુણ્ય સંકલ્પ દોહરાવશે.

'' યા દેવી સર્વભૂતેષુ વિદ્યારૂપેણ સંસ્થિતા''
''સરસ્વતી નમસ્તુંભ્યમ વરદે કામરૂપિણી''

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**


''અમરેલી એક્સપ્રેસ''
**અમારૂ ઇ–મેઇલ એડ્રેસ**
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
**amreliexpress7@gmail.com**
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


### ધારાસભ્ય મહેશ કસવાલાનાં વરદ્હસ્તે

# લીલીયામોટાનાં એકલેરા ગામે ૨૩ લાખનાં વિકાસ કાર્યોનું થયુ ભૂમિપૂજન

## સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા




લીલીયા, તા. ૧૨

લીલીયા તાલુકાના એકલેરા ગામે વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા ૨૩ લાખના વિકાસ કામોનું ભૂમિપૂજન કરવામાં આવ્યું. જેમાં બ્લોક રોડ નાણાપંચ માંથી ૩.૫૨ લાખ અને દાતા વીરજીભાઈ દેવરાજભાઈ બાબરીયા તરફથી ૧૧ લાખ તેમજ વિવેકાધીન ગ્રાન્ટમાંથી કોઝવે અઢી લાખનો અને નાણાપંચમાંથી ગટર લાઈન માટે ૪લાખ ૯૫ હજાર તેમજ દાતા હમીરભાઈ પાચાભાઈ જોગરાણા તરફથી ગામના વિકાસ કામ માટે ૧લાખ ૧૧ હજાર આપવામાં આવેલ એમ મળી કુલ ૨૩ લાખ ના વિકાસ કામોનું વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા વિધિવત રીતે ભૂમિ પૂજન કરવામાં આવ્યું. આ તકે લીલીયા તાલુકા ભાજપ મહામંત્રી ગૌતમભાઈ વિછીયા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, કાનજીભાઈ નાકરાણી, ભરતભાઈ ઠુંમર સહિત એકલેરા ગામના સરપંચ રાજેશ્વરીબેન રાજયગુરૂ, ઉપ સરપંચ ઘનશ્યામભાઈ, દિલીપભાઈ ખૂટ, અનિતાબેન ગજ્જર, માજી સરપંચ ભીખાભાઈ, માજી સરપંચ ધીરૂભાઈ, સહિતના ગ્રામજનો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# ચીનની કંપનીઓ ભારતમાં પ્લાન્ટ નાખતા ગભરાય છે

બેઈજિંગ, તા.૧૨

ચીની કંપની દ્વારા ભારતને એક પત્ર લખવામાં આવ્યો હતો જેમાં કંપનીએ જણાવ્યું હતું કે ભારતમાં સરકાર દ્વારા ચાઈનીઝ કંપનીઓની તપાસ થતી હોવાના કારણે સ્માર્ટફોન કમ્પોનન્ટ સપ્લાયર્સ ભારતમાં કામગીરી શરુ કરતા અચકાય છે. માર્કેટ શેરની દ્રષ્ટિએ ઝિયોમીભારતની સૌથી મોટી સ્માર્ટફોન કંપની છે. જે ભારતની માર્કેટમાં ૧૮ ટકા હિસ્સો ધરાવે છે. કંપની ભારતમાં જ તેના સ્માર્ટફોન એસેમ્બલ કરે છે, જેમાં અમુક સ્પેરપાર્ટ્સ ચીનથી આયાત કરે છે તો અમુક ભારતમાં બનેલા કમ્પોનન્ટનો ઉપયોગ કરે છે. આથી ભારત સરકારે આ ચાઈનીઝ કંપનીને દેશમાં કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે શું પગલાં લેવા જોઈએ એ બાબતે ૬ ફેબ્રુઆરીના રોજપત્ર લખ્યો હતો. જેના જવાબમાં કંપનીએ ભારતમાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવા તેમજ અમુક પસંદ કરેલ સ્માર્ટફોનના કમ્પોનન્ટની આયાત પર ટેરિફ ઘટાડવા કહ્યું હતું. વર્ષ ૨૦૨૦ના ભારત અને ચીન વચ્ચે હિંસક સીમા વિવાદ બાદ ભારત સરકાર દ્વારા ચીની કંપનીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં સેંકડો ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધનો પણ સમાવેશ થાય છે. તેમજ આ કંપનીઓ પર પૈસાની ગેરરીતિનો આરોપ પણ છે.

# સાવરકુંડલા તાલુકામાં ૧૬ ગામોમાં મિની ટ્રેકટરો તથા ટ્રોલીઓની ફાળવણી કરતા ધારાસભ્ય કસવાલા






વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વરછતા મિશન ચાલુ કરવામા આવ્યુ છે ત્યારે તેને અંતર્ગત સ્વરછતા અંગેની અલગ અલગ ગ્રાન્ટો રાજય સરકાર દ્વારા ફાળવવામાં આવે છે ત્યારે આજ રોજ સાવરકુંડલા તાલુકા પંચાયતની કચેરીમાં ગામડાઓને રળીયામણુ બનાવવા માટે તેનું પ્રથમ પગથીયુ સ્વરછતા સ્વરછતા છે જે અંતર્ગત ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા દ્રારા અને લોકપ્રિય સાસંદશ્રી નારણભાઈ કાછડીયાની વિશેષ ઉપસ્થિતીમાં ૧૬ ગામોમાં ઘન કચરના નિકાલ માટે રૂા.૫૦ લાખના ખર્ચે મિની ટ્રેકટરો તથા ટ્રોલીઓ ફાળવવામાં આવેલ છે. સાવરકુંડલા તાલુકામાં ૧૬ ગામો જેવા કે, ચિખલી,જેજાદ,કેરાળા,કાનાતળ ાવ,લીખાળા,વિજયાનગર,બોરાળા, વિરડી, જીરા, હડીડા, મોટાભમોદ્રા, દોલતી, વણોટ, આદસંગ, મેરીયાળા તથા ગોરડકા ગામોમાં ઘન કચરના નિકાલ માટે ગ્રામ પંચાયતોને મિની ટ્રેકટરો તથા ટ્રોલીઓ અર્પણ કરવામાં આવેલ છે આ સમગ્ર આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં તાલુકા ભાજપ પ્રમુખજીવનભાઈ વેકરીયા, મહામંત્રીઓ ચેતનભાઈ માલાણી, નીતીનભાઈ નગદીયા,સરપંચ એશોસીયેશનના પ્રમુખશ્રી હિતેશભાઈ ખાત્રાણી, અતુલભાઈ બોરાળ ા,લલીતભાઈ બાળઘા, તાલુકા ભાજપ પ્રમુખ મહેશભાઈ ભાલાળા,ઉપપ્રમુખ પરશોતમભાઈ ઉમટ,સરપંચો, અધીકારીશ્રીઓ તથા ભાજપાના સર્વે પદાધીકારીઓ, તલાટીકમ મંત્રીઓ અને કાર્યકર્તા મિત્રો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમ ' 'અટલધારા''કાર્યાલયની યાદીમાં જણાવાયુ હતુ.

## વિધાનસભા ગૃહમાં વિપક્ષી નેતા અમિત ચાવડાનો ચોંકાવનારો આક્ષેપ

# સરકારની ગામડા વિરોધી નીતિનાં લીધે ગામડાઓ ખાલી થઈ રહ્યા છે

**ગામડામાં આવાસ માટે રૂપિયા ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તારમાં રૂપિયા ૩.૫૦ લાખની ફાળવણી કરીને અન્યાય**

**શહેરની વસ્તી વધતા ટ્રાફિક, મોંઘવારી, પ્રદુષણ, કાયદો અને વ્યવસ્થાની કથળી પરિસ્થિતિ**

**ગામડામાં શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવતી નથી**

**અંદાજપત્રમાં એક તો ગામડા માટે ફાળવણી ઓછી અને ખર્ચ તેનાથી પણ ઓછો**

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતમાં અંદાજિત ૫૦ ટકા જન સંખ્યા અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા જેવા ગણ્યા ગાંઠયા ૨૦ થી ૨૫ શહેરોમાં વસવાટ કરી રહી છે અને બીજી તરફ ગામડાઓમાંથી દર વર્ષે હજારો પરિવાર માળખાકીય અને શિક્ષણ, આરોગ્ય, રોજગાર જેવી સુવિધાઓનાં અભાવે ગ્રામ્ય જનતા મહાનગરો તરફ જવા મજબુર બની છે અને તેમાં અમરેલી જિલ્લાનાં મોટાભાગનાં ગામડાઓની જનતા અન્ય મહાનગરોમાં જતાં મહાકાય મકાનો ખાલી જોવા મળી રહ્યા છે.

દરમિયાનમાં વિપક્ષી નેતા અમિત ચાવડાએ ગુજરાત વિધાનસભાનાં અંદાજપત્ર ઉપરની ચર્ચામાં ભાગ લેતા જણાવ્યું હતું કે, ડબલ



અનુસંધાન પાના ૬ ઉપર

### વધેલી રસોઈ બહાર ફેકવા જતા

## સાવરકુંડલાનાં વીજપડી ગામનાં વૃધ્ધા બીજે માળેથી નીચે પટકાતા મોતને ભેટયા

**સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૧૨

સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે રહેતા હીરાબેન બટુકભાઈ ભીમજીભાઈ મસરાણી નામના ૭૦ વર્ષિય વૃધ્ધા ગત તા.૧૦ ના બપોરે ૧૨/૩૦ વાગ્યે પોતાના ઘરે બીજા માળે રહેતા હોય અને તેમનું જુનું મકાન હોય, અને તેના મકાનની ગેલેરીમાં લોખંડની ગ્રીલ ફીટ કરેલ હોય, અને વૃધ્ધા રસોઈમાં વધેલી રસોઈ બજારમાં ગ્રીલનો ટેકો દઈને ફેંકવા જતા લોખંડની ગ્રીલ તુટી જતા વૃધ્ધા બીજે માળેથી નીચે બજારમાં પડી જતા માથાના ભાગે ગંભીર ઈજા થતા તેમનું મરણ થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### પરપ્રાંતિય શ્રમિક બંધુઓ અકસ્માતનો ભોગ બન્યા

## નવી ધારગણીથી હાથસણી માર્ગ ઉપર બાઈક પુલ નીચે પડી જવાથી બે યુવકોનાં મોત

**ચલાલા પોલીસે જાણવા જોગ ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૧૨

મુળ મધ્યપ્રદેશના વીરપુર બલવારી ગામ તાલુકો ગંદવાણી જીલ્લો ધારના વતની અને હાલ સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામની સીમમાં રહેતા એક ૨૨ વર્ષિય પરપ્રાંતિય યુવક પોતાના હવાલાવાળા મોટર સાયકલ લઈ અને તેની પાછળ તેના નાનાભાઈને બેસાડીને જતા હોય. ત્યારે તે નવી ધારગણી ગામથી હાથસણી ગામ તરફ જવાના રસ્તે પુલ નીચેથી પસાર થતાં હતા ત્યારે આરોપી ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી સ્ટેરીંગ પરનો કાબુ

અનુસંધાન પાના ૬ ઉપર




Sheetal ICE CREAM
WE ARE HIRING!
Job Location : Amreli
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)
WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm
APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.

NCT CANDOR
IVF CENTER (ટેસ્ટટયુબ સેન્ટર)
હવે...તમારા ઘરે પણ ગુંજશે ખુશીઓની કિલકારી...
એકમાત્ર અમરેલી જીલ્લાનુ
IVF CENTER
(ટેસ્ટ ટયૂબ બેબી સેન્ટર)
ડો. ચેતના મુરારકર
M.B.B.S., DGO
(Laparoscopic Surgeon & IVF Specialist)
ડો. જયદેવ ધામેલીયા
MSDGO
IVF Specialist
કોણ લાભ લઈ શકે ?
મહિલા
▪ બંધ ટયૂબ.
▪ વારંવાર IUI માં નિષ્ફળતા.
▪ અનિયમિત માસિક.
▪ ગર્ભાશયમાં ગાંઠ હોવી (PCOD).
પુરુષ
▪ ઓછા શુક્રાણુ.
▪ શુક્રાણુઓની ઓછી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા.
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
99253 94276 | 99789 66629

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
55,290/-
અમરેલી
વધુ માહિતી માટે
૬૩૫૨૪ ૩૧૩૬૬

SAMSUNG
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
સેમસંગ ઈલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એક જ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭

આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસ
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એકસપ્રેસ...
સચોટ-સટીક
સાતત્યસભર દૈનિક
સાવરકુંડલામાં
એજન્ટ/પત્રકારની નિમણુંક થયેલ છે
સાવરકુંડલા શહેરમાં "અમરેલી એકસપ્રેસ" દૈનિકના પત્રકાર કમ એજન્ટ તરીકે કેવલ વેલાણી ની નિમણુંક કરવામાં આવી હોય પ્રેસનોટ, અવસાનનોંધ, જાહેરખબર અને વર્તમાનપત્ર મેળવવા માટે સંપર્ક કરો.
કેવલ વેલાણી (સાવરકુંડલા)
કેવલ વેલાણી
મો. ૯૯૯૮૭ ૭૮૨૮૧-સાવરકુંડલા
લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૪ થી તા.૩૧-૧૨-૨૦૨૪
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)